જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । રવિવાર । તા. ૨૪-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

સંવિધાનની કલમ ૩૫-એ પર સોમવારે સુપ્રિમ કોર્ટમાં સુનાવણી થશે

J&Kમાં હાઈએલર્ટ: યાસિન મલિકની ધરપકડ, સેનાની ૧૦૦ કંપનીઓ તૈનાત

સીઆરપીએફની ૩૫, બીએસએફની ૩૫, એસીબીની ૧૦ અને આઈટીબીપીની ૧૦ કંપનીઓ તૈનાત કરાઈ



ન્યુ દિલ્હી/શ્રીનગર

ભાગલાવાદી નેતા યાસીન મલિકને શ્રીનગરનાં માઈસુમામાં સ્થિત ઘરથી સુરક્ષાદળની ધરપકડ કરી છે. તે બાદ પુછપરછ માટે તેને કોઠી બાગ પોલિસ સ્ટેશન લઈ જવામાં આવ્યો. માનવામાં આવે છે કે, સંવિધાનની કલમ ૩૫-A પર સુનાવણી પહેલાં એહતિયાતન પ્રશાસન દ્વારા આ પગલું ઉઠાવવામાં આવ્યું છે. હાલ જમ્મુ-કાશ્મીરમાં હાઈએલર્ટ જાહેર કરાયું છે.

જમ્મૂ-કશ્મીરમાં અલગાવવાદને હવા આપનારા મોટા નેતાઓમાં શામેલ યાસીન મલિકની શુક્રવારે મોડી રાત્રે ધરપકડ કરી લેવામાં આવી છે. યાસીન મલિક જમ્મૂ કશ્મીર લિબ્રેશન ફ્રંટનો વડો છે. સમાચાર મુજબ ઘાટીમાં પુલિસ અને અર્ધસૈનિક દળને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. ગૃહમંત્રાલયે અર્ધ સૈનિક દળની ૧૦૦ કંપનીઓને જમ્મૂ કશ્મીર મોકલ્યા છે. જોકે હાલમાં કોઈ અન્ય નેતાની ધરપકડ કે અટકાયતનાં સમાચાર નથી. યાસીન મલિકની ધરપકડ એટલે ખાસ છે કારણ કે માત્ર બે દિવસ બાદ જ સોમવારે જમ્મૂ-કશ્મીરને વિશેષ દરજ્જો આપનારી સંવિધાનની કલમ ૩૫-A પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થવાની છે. યાસીન મલિક શ્રીનગરનાં માઈસુમામાં સ્થિત સુરક્ષાદળની ધરપકડ કરી છે. તે બાદ પુછપરછ માટે તેને કોઠીબાગ પોલિસ સ્ટેશન લઈ જવામાં આવ્યો છે. સંવિધાનની કલમ ૩૫-Aની સુનાવણી પહેલાં એહતિયાતન પ્રશાસન દ્વારા આ પગલું ઉઠાવવામાં આવ્યું છે. કલમ ૩૫-A પ્રાવધાન જમ્મૂ કાશ્મીરની બહારનાં વ્યક્તિને આ રાજ્યમાં અચલ સંપત્તિ ખરીદવા પર પ્રતિબંધિત કરે છે. સંવિધાનની આ કલમને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવી છે. જમ્મૂ કાશ્મીર પ્રશાસને પુલવામા હુમલાનાં ૮ દિવસમાં આ પગલું ભર્યું છે. પાકિસ્તાન સમર્થિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદ દ્વારા કરવામાં આવેલા કાયરતાપૂર્ણ હુમલામાં CRPFનાં ૪૦ જવાન શહીદ થઈ ગયા હતાં.

બેંગ્લુરુમાં એર શોના પાર્કિંગમાં ભીષણ આગ લાગતાં ૩૦૦ કાર બળીને ખાખ

બેંગ્લુરુ

બેંગ્લુરુમાં ચાલી રહેલા એરો ઈન્ડિયા શો દરમિયાન ફરી એર વખત મોટી દુરઘટના સામે આવી છે. મળતી જાણકારી મુજબ પાર્કિંગ વિસ્તાર નજીક પડેલા ઘાસમાં આગ લાગી હતી, ત્યારબાદ આગ વધુ ફેલાતા પાર્કિંગમાં પડેલી ગાડીઓમાં લાગી હતી. ગાડીઓમાં આગ લાગવાને કારણે ચોતરફ અફરાતફરી મચી ગઈ હતી. ફાયર વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર પાર્કિંગમાં પાર્ક કરેલી અંદાજે ૩૦૦ જેટલી કાર આગની ચપેટમાં આવી ગઈ હતી. જોકે, હાલ આગ પર કાબુ મેળવી લેવાયો છે. આજે લાગેલી આગમાં ઘણી બધી ગાડીઓ એક સાથે સળગી ઉઠી હતી. ભીષણ આગને પગલે આકાશમાં ધુમાડાના ગોટે ગોટા દેખાતા એર શો નિહાળવા આવનારા લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમોએ ભારે જેહમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ દુર્ઘટનામાં કોઈ વિમાનને નુકસાન થયું નથી. ફારના ડીજીપી એમ એન રેડ્ડીએ ટ્વિટ કરીને જણાવ્યું કે આશરે ૩૦૦ ગાડીઓ આગમાં બળીને રાખ થઈ ગઈ છે. બાજ-બાજુમાં પાર્ક કરાયેલી કારમાં આગ ફેલાતી રોકવા પાસેની અન્ય કારને ખસેડી વચ્ચે જગ્યા કરાતા આગ વધુ ફેલાતા અટકી હતી. આગની ઘટનામાં કોઈ વ્યક્તિ દાઝી નથી. ખુલ્લા મેદાનમાં સૂકા ઘાસ અને પવનને પગલે આગ વધુ ઝડપથી ફેલાઈ હોવાનો અંદાજ છે. યેલાહકા એરબેઝ ખાતેના એરો ઈન્ડિયા શોની પૂર્ણાહુતિ રવિવારે થશે.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

શું આપ બેરોજગાર છો ?

શું આપ નોકરી બદલવા માગો છો ?

શું આપના લગ્ન બાકી છે ?

તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું

ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ

માત્ર રૂપિયા ૫૫૦/-

www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.

જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.

7575006847

લોકસભાની ચૂંટણી પહેલા વડાપ્રધાનનો નવો નારોઃ મોદી છે તો શક્ય છે

અમારી લડાઈ કાશ્મીર માટે છે, કાશ્મીરીઓ સામે નહીંઃ પીએમ મોદી

ટોંક

રાજસ્થાનના ટોંકમાં જાહેરસભા દરમિયાન વડાપ્રધાન મોદીએ કાશ્મીરી વિદ્યાર્થીઓને સુરક્ષાનો વિશ્વાસ અપાવ્યો. પુલવામા હુમલા બાદ દેશના કેટલાક ભાગમાં કાશ્મીરી વિદ્યાર્થીઓ પર હુમલાના સમાચાર અંગે પીએમે જણાવ્યું કે, કોઈપણ વિદ્યાર્થી પર હુમલો ભારત તેરે ટુકડે કહેનારા લોકોને પ્રોત્સાહન જેવું છે. જાહેરસભામાં મોદીએ પાકિસ્તાન અને આતંકવાદ પર જોરદાર હુમલો ર્યો. પીએમે જણાવ્યું કે વિશ્વના મોટાભાગના દેશ અને લગભગ તમામ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ પુલવામા હુમલા



વિરુદ્ધ એક થઈને ભારતની પડખે ઊભા રહ્યા છે. મોદીએ જણાવ્યું કે, સરહદ પર તૈનાત આપણા સૈનિકો પર, મોદી સરકાર અને મા ભવાનીના આર્શિવાદ પર ભરોસો રાખો, આ વખતે બધાનો હિસાબ થશે.

પીએમ મોદીએ કહ્યું કે આપણા સુરક્ષાદળોએ હુમલાના ૧૦૦ કલાકમાં જ જવાબદાર મોટા ગુનેગારોને એવી જગ્યાએ પહોંચાડી દીધા જ્યાં તેમની જગ્યા છે, જ્યારં સુધી આતંકાની ફેક્ટરી ચાલુ રહેશે. આતંકીની ફેક્ટરીમાં તાળું મારવાનું મારા નસીબમાં લખ્યું છે. આ મારા હિસ્સામાં જ આવ્યું છે. પીએમ મોદીએ જણાવ્યું કે, પુલવામાં હુમલા બાદ તમે પણ જોયું કે કેવી રીતે એક એક કરીને પાકિસ્તાન પાસેથી હિસાબ લેવામાં આવી રહ્યો છે. અમારી સરકારના નિર્ણયોથી પાકિસ્તાનમાં ભૂકંપ આવ્યો છે. અલગતાવાદની ભાષા બોલનારા પર કાર્યવાહી ઝડપી બનાવાઈ છે અને આગળ પણ ચાલુ રખાશે. આ નવી નીતિ અને નવી રીતિ ધરાવતો ભારત દેશ છે.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App

7575006848 Time 10 am

7575006850 to 5 pm

MARKET 4U™

આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી

સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી

ગીફ્ટમાં મેળવો વાહન સિક્યુરિટી સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)

ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.

ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો

Mo. 7575006847

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, ભિષણ ગુંડુલ પ્રથાને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન ટુંકવવામાં અપાર મુસ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદઅંશ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ થિયો સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે થિયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. રાજસ્થાનમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મોટા કમિશનથી લાકોના રૂપિયા કામ મુજબ ચૂકવેલ આવકમાંથી ચુકવણ જશે, જે માટે સાથે દરશિત કોપક પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આપણીકાવાનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થયેલ મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (સોટો જોડવી ઉપરની) આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે આપે રાજકોટમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
ત્રીજા ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (સોટો જોડવી ઉપરની) આપનો કોડ ત્રીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વહીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે આપે રાજકોટમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો	ધનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશોષ મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

ગિરનાર શિવરાત્રીમેળાનું સ્થળ નીરિક્ષણ કરતા વનમંત્રીશ્રી ગણપતભાઈ વસાવા





જૂનાગઢ

જૂનાગઢના ભવનાથ ખાતે યોજાનાર શિવરાત્રીના મેળાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે આજે તા.૨૩ના વનમંત્રીશ્રી ગણપતભાઈ વસાવા, મંત્રીશ્રી વિભાવરીબેન દવેએ ભવનાથ ખાતે મહાશિવરાત્રી મળા સ્થળની જાત મુલાકાત લીધી હતી. જેમાં મંત્રીશ્રીએ પ્રકૃતિધામ ખાતે યોજાનાર વિવિધ કાર્યક્રમો અને તે સંદર્ભે આનુસાંગિક વ્યવસ્થાઓ સંદર્ભે અમલીકરણ અધીકારીઓ પાસેથી માહિતી મેળવી આવશ્યક સુચનાઓ આપી હતી. રાજ્ય અને રાષ્ટ્રનાં વિવિધ ધર્માલયોમાંથી પધારનાર સંતોગણનાં નિવાસ માટે કરવામાં આવેલ વ્યવસ્થા અને તેમાં ઉપલબ્ધ કરવામાં આવેલ સુવિધાઓ સંદર્ભે માહિતી મેળવી હતી., ઉપરાંત મહાદેવનાં આરાધના ધામ ભવનાથ તિર્થક્ષેત્રમાં આ વર્ષનાં શિવરાત્રીનાં મેળામાં પ્રથમવાર યોજાનાર ૫૧ લાખ રૂદ્રાક્ષના શિવલીંગની પુજા થનાર છે ત્યામ મુલાકાત લીધી હતી,આ બાબતે કલેકરશ્રીને જરૂરી સૂચનો આપ્યાત હતા. તળેટીમાં સ્થિત ભારતી આશ્રમ ખાતે સંત સત્સંગ અને સંતોનાં ઉતારા સંદર્ભે પણ સમીક્ષા સાથે અધિકારીઓની પાસેથી અને ભારતીઆશ્રમ ખાતે મુલાકાત લઈ પુ. વિશ્વંભર ભરાતીબાપુ પાસેથી જાણકારી મેળવી હતી. ભવનાથ મંદિર ખાતે મંત્રીશ્રી ગણપતભાઈ વસાવા અને સુશ્રી વિભાવરીબેન દવેએ મુલાકાત લઈ ભોળાનાથ ભવનાથનાં દર્શન પૂજન-અર્ચન કર્યા હતા. સાથે સાથે દામોદરકુંડ તિર્થ સ્થળે યાત્રીકો માટે ઉભી કરવામાં આવેલ સવલતો, કુંદની સ્વચ્છતા સહિત માળખાગત વ્યવસ્થાઓ અને મેળા સંદર્ભે મહાનગરપાલીકા દ્વારા હાથ ધરાયેલ કામગીરીની વિગતો મેળવી અને ભગવાન દામોદરરાયજીનાં તિર્થે પુજન અર્ચન કરી અધીકારીઓને વધુ સારી સવલતો સંદર્ભે સુચનાઓ આપી હતી. મંત્રીશ્રીનાં ભવનાથ શિવરાત્રી મેળા સ્થળની માળખાગત સુવિધાની જાણકારી મેળવતા પુર્વે વનવિભાગનાં રેસ્ટ હાઉસ ખાતે મુખ્ય વનરક્ષક મહેતા, મુખ્ય વન સંરક્ષકશ્રી ડી.ટી. વસાવડા, કલેકટરશ્રી સૌરભ પારધી, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સૌરભસીંઘ, નાયબ વનરક્ષક ધીરજ મીતલ, નાયબ વનરક્ષક સુનીલ બેરવાલ સહિત અધિકારી પાસેથી મેળામાં સારી સુવિધાઓ અને યાત્રીકોની સુખ સવિધા માટે વધારે સારૂ શું કરી શકાય તે અંગે સમીક્ષા બેઠક યોજી હતી. ભવનાથ તિર્થક્ષેત્રની મંત્રીશ્રીની મુલાકાત વેળાએ જૂનાગઢ મહાનગરનાં મેયરશ્રી આદ્યાશક્તિબેન મજમુદાર, ગિરનાર યાત્રાધામ વિકાસ સત્તા મંડળનાં શૈલેષભાઈ દવે, શ્રી પ્રદિપભાઈ ખિમાણી, સુશ્રી ચંદ્રીકાબેન રાખશીયા, મોહનભાઈ પરમાર, વિમલભાઈ ઉપાધ્યાય, સંતગણ સહિત વિવિધ વિભાગનાં અધિકારીશ્રીઓ અને અગ્રણીઓ સહભાગી બન્યા હતા.

ભાવનગર રેન્જ આઈજી અશોકકુમાર યાદવે બોટાદની મુલાકાત લીધી



નવનિયુક્ત ભાવનગર રેન્જ આઈજી અશોકકુમાર યાદવે હજી ચાર્જ સંભાળ્યા ને થોડા દિવસ જ થયા છે ત્યારે આજરોજ તેવો એ બોટાદ ની મુલાકાત કરી હતી.ભાવનગર રેન્જ આઈજી.અશોકકુમાર યાદવે આજે બોટાદ ની મુલાકાત લીધી હતી.જેમાં બોટાદ સર્કિટ હાઉસ ખાતે રેન્જ આઈજી.અશોકકુમાર યાદવ નુ બોટાદ એસ.પી.હર્ષદ મહેતા દ્વારા ફુલહાર આપી સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ પોલીસ જવાનો દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપ્યુ હતુ.તેમજ ડી.વાય. એસ.પી.ચૌહાણ અને ડી.વાય.એસ.પી.મુંધવા એ પણ રેન્જ આઈજી ને ફુલહાર આપી સ્વાગત કર્યુ હતુ. રેન્જ આઈજી.અશોકકુમાર યાદવે સર્કિટ હાઉસ ખાતે બોટાદ જીલ્લા ના તામામ પી.આઈ.અને પી.એસ. આઈ.સાથે મીટીગ કરી હતી જેમાં બોટાદ જીલ્લાના તમામ પી.આઈ. અને પી.એસ. આઈ. હાજર રહ્યા હતા.

પાવન સંગમમાં પૂણ્યમની ડૂબકી લગાવીને મૂળ અક્ષયવટના દર્શન કર્યા

દુનિયાના ૧૮૭ દેશના ૧૮૯ ડેલિગેટ દિવ્ય અને ભવ્ય કુંભના સાક્ષી બન્યા

પ્રયાગરાજ

દુનિયાના ૧૮૭ દેશના ૧૮૯ ડેલિગેટ ગઈ કાલે દિવ્ય અને ભવ્ય કુંભના સાક્ષી બન્યા. પાવન સંગમમાં પુણ્યની ડૂબકી લગાવીને જિલ્લા સ્થિત મૂળ અક્ષયવટનાં દર્શન કર્યા. લગભગ છ કલાક સુધી ધર્મ અને અધ્યાત્મની નગરીમાં રહેલા આ વિદેશી મહેમાનો કુંભની આભાથી અભિભૂત થયા. વિદેશી ડેલિગેટ બે ગ્રૂપમાં ચાર્ટર પ્લેનથી પહોંચ્યા હતા.



પહેલું ગ્રૂપ સવારના સાડા નવ વાગ્યે બમરોલી એરપોર્ટ પર ઊતર્યું હતું, જેમાં ૭૦ મહેમાન હતા. બીજું ગ્રૂપ ૧૦ વાગ્યે એરપોર્ટ પહોંચ્યું, જેમાં ૧૧૯ મહેમાન હતા. વિદેશ રાજ્યપ્રધાન વી.કે. સિંહ આ મહેમાનોને લઈને પહોંચ્યા હતા. એરપોર્ટ પર પ્રદેશ સરકારના પ્રતિનિધિ તરીકે સ્વાસ્થ્ય પ્રધાન સિદ્ધાર્થનાથ સિંહે ફૂલ મોકલીને તમામનું સ્વાગત કર્યું. કમિશનર આશિષ ગોયેલ પણ તેમાં સામેલ હતા.

અહીં પહોંચ્યા બાદ તમામ લોકોએ કલાગ્રામ અને સંસ્કૃતિગ્રામની મુલાકાત લીધી. ત્યાં ભારતની પ્રાચીનકળા, સંસ્કૃત અને સભ્યતાથી અવગત થયા. ત્યાર બાદ બે કૂઝથી કિલ્લા, વીઆઈપી જેટી પહોંચ્યા અને કિલ્લા સ્થિત મૂળ અક્ષયવટનાં દર્શન કર્યા. અક્ષયવટ દર્શન કરીને વિદેશી મહેમાનો સંગમ નોઝ પહોંચ્યા. પવિત્ર ત્રિવેણીમાં 'હર હર ગંગે'ના ઉદઘોષ સાથે પુણ્યની ડૂબકી લગાવી. ત્યાર બાદ તમામ કૂઝથી પાછા રેલક્ષેત્ર પહોંચ્યા અને ત્રિવેણી સંકુલમાં લંચ કર્યું. સાંસ્કૃતિક કેન્દ્રમાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સામેલ થયા અને લગભગ સાડા ચાર વાગ્યે બમરોલી એરપોર્ટથી દિલ્હી રવાના થયા. વડા પ્રધાનના આમંત્રણ પર કુંભ નગરીમાં આવેલા વિદેશી મહેમાનો ખૂબ જ પ્રસન્ન દેખાતા હતા.

બોટાદ એલ.સી.બી.એ ઢસાના પાટણા ગામેથી ભારતીય બનાવટના વિદેશી દારૂ સાથે એકને પકડી પાડ્યો

નાયબ પોલીસ મહાનિરીક્ષક, ભાવનગર વિભાગ, ભાવનગર અશોકકુમાર યાદવ દ્વારા દારૂબંધીના કાયદાની કડક અમલવારી કરવા સુચના કરેલ જે અનુસંધાને બોટાદ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા દ્વારા બોટાદ જીલ્લામાં પ્રોહીબીશનની બદીને નેસ્ત નાબુદ કરવા કડક સુચના આપેલ હોય,જે અન્વયે બોટાદ એલ.સી.બી.ના પો.ઈન્સ. એચ.આર.ગોસ્વામી ના માર્ગદર્શન હેઠળ બોટાદ એલ.સી.બી. સ્ટાફના હે.કો. લક્ષ્મણદેવસિંહ, હે.કો. જીજ્ઞેશભાઈ, પો.કો. બળદેવસિંહ, પો.કો. જયપાલસિંહ, પો.કો. ક્રિપાલસિંહ, નાઓ ઢસા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલ કે, પાટણા ગામની સીમમાં ખીજડીયા ગામે જવાના રસ્તે ભગીરથસિંહ છોટુભા ગોહીલ રહે.પાટણા વાળાની વાડી આવેલ હોય તેમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો છુપાવેલ છે બાતમી વાળી જગ્યાએ રેઇડ કરતા (૧) રોયલ ચેલેન્જ ફાઈનેસ્ટ પ્રીમીયમ વિસ્કી ની ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ-૦૨ જેની કી.રૂ.૭૫૦/- તથા (૨) એપીસોડ ક્લાસીક વિસ્કી ની ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ-૦૪ જેની કિં.રૂ.૧૫૦૦/- એમ મળી કુલ બોટલ નંગ-૦૬ જેની કુલ કી.રૂ.૨૨૫૦/- નો મુદામાલ ભગીરથસિંહ છોટુભા ગોહીલ રહે.પાટણા તા.ગઢડા જી.બોટાદ વાળાની વાડીએથી મળી આવેલ જેને ઢસા પોલીસ સ્ટેશન ખાતે સોંપી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે

સુપ્રિમના વકીલ વિશ્વનાથ ચતુર્વેદીએ કોર્ટમાં અરજી કરી

બેનામી સંપત્તિ મુદ્દે અખિલેશ-મુલાયમસિંહ વિરુદ્ધ સુપ્રિમ કોર્ટમાં અરજી

મુંબઈ

ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્ય પ્રધાન અખિલેશ યાદવ અને મુલાયમસિંહ યાદવની બેનામી સંપત્તિનો મામલો ફરીવાર સુપ્રીમ કોર્ટ પહોંચ્યો. સુપ્રીમ કોર્ટના વકીલ વિશ્વનાથ ચતુર્વેદીએ કોર્ટમાં અરજી કરી કે, સીબીઆઈને આદેશ આપવામાં આવે કે, મુલાયમસિંહ, અખિલેશ યાદવ અને પ્રતિક યાદવની સંપત્તિનો એક રિપોર્ટ સુપ્રીમ કોર્ટમાં જમા કરાવવામાં આવે.

આ મામલે કરવામાં આવેલી તપાસમાં યાદવ પરિવારની સંપત્તિ આવક કરતા વધારે મળી આવી હતી. જેથી આ મામલે કેસ ચલાવવાની માગ પણ કરવામાં આવ છે. સીબીઆઈ પર એવા પણ આરોપ લગાવવામાં આવ્યા છે કે, ત્રણ વર્ષ પહેલા કરવામાં આવેલી તપાસ બાદ સીબીઆઈ દ્વારા કોઈપણ પ્રકારનો રિપોર્ટ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો નથી. મહત્વપૂર્ણ છે કે, ૨૦૧૩માં કરવામાં આવેલી તપાસ બાદ અખિલેશ અને મુલાયમની સંપત્તિ આવક કરતા ૨૪ કરોડ વધુ મળી આવી હતી. આ પહેલા ૨૦૦૭માં સુપ્રીમ કોર્ટે અખિલેશ. મુલાયમ અને ડિમ્પલ યાદવની સંપત્તિની તપાસ કરવાના આદેશ આપ્યા હતા.







કોંગ્રેસ અધ્યક્ષે દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી

સત્તામાં આવ્યા તો અર્ધસૈનિક દળોને શહીદનો દરજ્જો આપીશુઃ રાહુલ ગાંધી

મોદી સરકાર સ્વીકારવા તૈયાર નથી કે દેશમાં નોકરીઓની અછત છે,મારા દાદી અને પિતાને હિંસામાં ગુમાવ્યા,હિંસા વિનાશ વર્તે છે માત્ર પ્રેમ જ ઉકેલ છે

ન્યુ દિલ્હી

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં પહોંચ્યા હતા. અહીં પહોંચીને રાહુલ ગાંધીએ વિદ્યાર્થીઓ સાથે ચર્ચા વિચારણા કરી. આ સાથો સાથ રાહુલ ગાંધીએ વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા સવાલોના જવાબ પણ આપ્યા. ત્યારે ડીયૂની એક વિદ્યાર્થિનીએ પૂછ્યુ કે અર્ધસૈનિક બળના જવાનોને શહીદનો દરક્કો કેમ આપવામાં આવતો નથી. ત્યારે રાહુલ ગાંધીએ કહ્યું કે, અર્ધસૈનિક બળના જવાનોને જે શહીદનો દરક્કો નથી મળતો તે મળવો જોઈએ. અમારી સરકાર આવશે તો તેમને શહીદનો દરક્કો મળશે. રાહુલ ગાંધીએ કહ્યું કે, કેન્દ્ર સરકારે ઉદ્યોગપતિનું ૩.૫ લાખ કરોડ રૂપિયાનું દેવું માફ કર્યું. ૧૫-૨૦ ઉદ્યોગપતિઓને ફાયદો પહોંચાડ્યો જ્યારે ખેડૂતોનું દેવું માફ નથી થયું. રાહુલે કહ્યું, સરકાર શિક્ષણ સંસ્થાઓમાં દખલ કરી રહી છે. શિક્ષણના બજેટમાં ઘટાડો કરી રહી છે.'' તેઓએ કહ્યું, 'આજે યુનિવર્સિટીઓમાં કુલપતિના પદ પર એક સંગઠનની વિચારધારાના લોકોને બેસાડવામાં આવી રહ્યાં છે. તેઓ ઈચ્છે છે કે હિંદુસ્તાનની શિક્ષણ પ્રણાલી તેમનું ઓજાર બની જાય. દક્ષિણપંથી તાકતોને રોકવાને લઈને રાહુલ ગાંધીએ કહ્યું કે ''દેશમાં આક્રોશ ફેલાઈ રહ્યો છે. તેનું મૂળ કારણ બેરોજગારી છે. દુનિયમાં પણ આ જ થઈ રહ્યું છે. દક્ષિણપંથી આ ગુસ્સાનો ઉપયોગ કરી રહ્યાં છે. જેનું સમાધાન એ છે કે રોજગાર પર કામ કરવાનું શરૂ કરી દેવું. આપણો મુકાબલો ચીન સાથે છે. આપણે ચીનને પછાડી શકીએ છે. જો દેશના લોકો મન બનાવી લે તો તેનો રસ્તો કોઈ જ નહીં રોકી શકે. રાહુલે કહ્યું, ''સરકાર દેશની બેરોજગારીને સ્વીકારવા તૈયાર જ નથી. શું વડાપ્રધાન આ રીતે ક્યારેક સંવાદ કરે છે ? હું તેઓને ૫૦ વખત કહી ચુક્યો છું કે રાફેલ, બેરોજગારી જેવા કોઈ પણ વિષય પર ચર્ચા કરી લો. '' રાહુલ ગાંધીએ કહ્યું મને છોડો દેશના યુવાનો સાથે વાત કરી લો. તેઓએ ભાષણ છોડી વાત કરવી જોઈ. લોકસભામાં નાણાં મંત્રાલયનો જવાબ છે કે ૨૪ કલાકમાં ભારત ૪૫૦ રોજગાર પેદા કરે છે અને ચીમ ૫૦ હજાર, થોડૂક વિચારો વડાપ્રધાનને કોઈ જરૂર કનથી પડતો. દેશમાં ફેલાઇ રહેલી નફરતને લઈને રાહુલ ગાંધીએ કહ્યું કે, હું અભિવ્યક્તિની સ્વતંત્રતાનો સમર્થક છું. કોઈ ભૂલ કરે છે તો તેને સુધારી પણ શકાય છે. વડાપ્રધાનનો સંદેશ સમગ્ર વ્યવસ્થામાં જાય છે. નફરતના માહોલમાં જો વડાપ્રધાન ભાઈચારાનો સંદેશ આપે તો પરિસ્થિતિ સુધરી શકે છે. જો લીડરશિપ દિશા આપે તો વધારે સારુ થઈ શકે છે. આપણા દેશની પ્રકૃતિ ભાઈચારાની રહી છે.

જૂનાગઢમાં શિવરાત્રી મેળા અંતર્ગત મશાલ રેલી યોજાઈ



આગામી તા. ૨૭ માર્ચથી વિધિવત શરૂ થઈ રહેલા ગિરનાર શિવરાત્રી મેળા ૨૦૧૯ અંતર્ગત શહેરી જનો પણ મેળો માણી શકે અને સરકાર શ્રી ના વિશિષ્ટ આયોજન માં સહભાગી બને તે માટે જૂનાગઢમાં મશાલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું .શહેરના આઝાદ ચોક થી બહાઉદ્દીન કોલેજ સુધી મશાલ રેલી તારીખ ૨૨ માર્ચ ના રોજ સાંજે યોજાઈ હતી, જેમાં એનસીસીના કેડેટસ જોડાયા હતા. આ પ્રસંગે પ્રાંત અધિકારી શ્રી જવલંત રાવલ ,નાયબ કમિશનર શ્રી નંદાણીયા સહિતના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા જૂનાગઢના ભવનાથ ખાતે યોજાનાર શિવરાત્રીના મેળાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે,ત્યારે જૂનાગઢ નરગવાસીઓ પણ મેળાની તડામાર તૈયારી માટે થનગની રહ્યા છે શહેરીજનો પણ શીવરાત્રીનાં મેળામાં સરકારશ્રીનાં વિવિધ આયોજનોમાં સહભાગી બની મેળામાં જોડાય અને લોકજાગૃતિ કેળવાય તે હેતુ મશાલ રેલી નગરનાં રાજમાર્ગ પરથી પસાર થઈ ત્યારે નગરજનોએ રેલીને વધાવી હતી.

કસ્ટમ સુપરિટેન્ડેન્ટ એક લાખની લાંચ લેતાં એસીબીનાં હાથે ઝડપાયો

વાપી કસ્ટમ સુપ્રિટેન્ડેન્ટનો એક અધિકારી કંપની સંચાલક પાસેથી રૂ.૧ લાખની લાંચ લેતા તેના ઘરેથી જ ઝડપાયો હતો. કંપની સંચાલકે ૧૦૬૪ નંબર ઉપર ઓનલાઈન ફરિયાદ કરતા ડીજીએ ભરૂચ એસીબીને તપાસ સોંપી હતી. કંપની સંચાલકે સર્વિસ ટેક્સ ન ભરતા પેનલ્ટી ન ભરવા જીએસટી અધિકારી સાથે સેટિંગમાં રૂ.૧ લાખની માંગણી કરાઈ હતી. વાપી ચલા રોડ ઉપર આવેલ કસ્ટમ કચેરીમાં બેસતો કસ્ટમ જીએસટીનો સુપ્રિટેન્ડેન્ટ અધિકારી નરેંદ્ર સામરિયા વાપીના કંપની સંચાલક સાથે સર્વિસ ટેક્સ માટે સેટલમેન્ટ કરી આપવા રૂ.૧ લાખની લાંચ લેતા શુક્રવારે ભરૂચ એસીબીના હાથે વાપીથી ઝડપાયો હતો.

શિવરાત્રીમાં યોજાનાર પવિત્ર કુંભમેળાની વ્યવસ્થા અંગે રીવ્યુ મીટીંગ યોજાઈ



જૂનાગઢ

ગિરનારના સાનિધ્યમાં યોજાતા પવિત્ર પર્વ મહાશિવરાત્રી મેળાની વિશિષ્ટ ઉજવણી થાય તે હેતુથી રાજય સરકાર દ્વારા આ મેળાને મહાશિવરાત્રી કુંભમેળાનો દરજ્જો આપ્યો છે. ધર્મક્ષેત્ર ગિરનાર ખાતે યોજાનાર મેળાની વ્યાવસ્થામાં કોઈ કચાશ ન રહે તે માટે કલેક્ટર કચેરી ખાતે શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા, અને મંત્રીશ્રી વિભવરીબેન દવેની ઉપસ્થિતીમાં તથા વનમંત્રીશ્રી ગણપતભાઇ વસાવાનાં અધ્યક્ષસ્થાને શિવરાત્રી મીનીકુંભ મેળાની ઉજવણી સંદર્ભે ભવનાથ તિર્થક્ષેત્રનાં વરિષ્ઠ સંતગણ અને વહીવટી વિભાગનાં અધીકારીશ્રીઓ તેમજ મહાનગર પાલીકાનાં વિવિધ શાખાનાં અધિકારીઓની ઉપસ્થિતીમાં રીવ્યુ બેઠક યોજાઈ હતી. રાજય સરકાર દ્વારા આ મેળાને મહાશિવરાત્રી કુંભમેળાનો દરજ્જો આપ્યો છે ત્યારે જૂનાગઢના ભવનાથ ખાતે તા.૨૬/૨/૨૦૧૯ થી તા.૪/૩/૨૦૧૯થી શિવરાત્રી કુંભ મેળો યોજાનાર હોય જેમાં રાજયપાલશ્રીઓ.પી.કોહલીના હસ્તે તા. ૨૭ ના રોજ સવારે ૯ કલાકે મેળાનું ઉદઘાટન અને ધ્વહજા આરોહણ તેમજ તેમની ઉપસ્થિતિમાં ૫૧ લાખ રૂદ્રાક્ષના શિવલીંગનું પૂજન અને પ્રવેશ દ્વારનૂં નામકરણ, સાંજે ૬ કલાકે લેસર શોનું ઉદઘાટન ઓપન થિયેટર, ભવનાથ મંદિર પાછળ ગિરનાર ખાતે, તથા રાત્રે ૮ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રકૃતિધામ ભવનાથ ખાતે યોજાનાર કાર્યક્રમો અને ૧લી માર્ચે મહાનુભાવો અને સંતોની ઉપસ્થિતીમાં યોજાનાર કાર્યક્રમો સંદર્ભે મંત્રીરીઓએ મેળા વિસ્તારની મુલાકાત વેળાએ કરવા પાત્ર વ્યવસ્થાઓનાં સુચનો બાબતે કાર્યવાહી હાથ ધરવા, સંતો દ્વારા સુચવાયેલ બાબતો પર વિધેયાત્મક કાર્યવાહી કરવા, મેળામાં સ્વચ્છતા સહિતનાં મુદાઓ પર ભાર આપી આ વર્ષે યોજાનાર મીનીકુંભ શિવરાત્રી પર્વની ઉજવણી સૌને યાદગાર બની રહે તે માટે રાજય સરકાર દ્વારા હાથ ધરવામાં આવનાર બાબતો પર ચર્ચા સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે મહામંડલેશ્વર વિશ્વંભર ભારતીબાપુ, પુ. શેરનાથબાપુ તથા ઈન્દ્રભારતીજી મહારાજે તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલ પ્રવૃતિઓની સરાહના કરતા જણાવ્યુ હતુ કે જિલ્લા સમાહર્તા ડો. પારઘી દ્વારા મેળામાં સુંદર વ્યવસ્થાઓ ઉભી થઇ રહી છે જે ધ્યાનાકર્ષક છે. જૂનાગઢનાં મેયર સુશ્રી આદ્યાશક્તિબેન મજમુદારે મહાનગર પાલીકાનાં કર્મચારીઓ અને જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગનાં કર્મચારીઓની સહારનીય ફરજો બાબતે અભિનંદન પાઠવ્યા હતા.બેઠકમાં યાત્રાધામ વિકાસ બોર્ડનાં અધિકારીશ્રીઓ, જિલ્લા વહીવટી તંત્રનાં અધીકારીઓ, ભવનાથ તિર્થક્ષેત્રનાં સંતો, પ્રદિપભાઇ ખીમાણી, શૈલેષભાઇ દવે, યોગેન્દ્રસિંહજી પઢીયાર, પુનિતભાઇ શર્મા, સહિત અગ્રણીઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.











તંત્રી સ્થાનેથી...

પડોશી દેશોનુ વલણ

જમ્મુ કાશ્મીરના પુલવામા ખાતે સઆરપીએફના કાફલા પર હુમલો કરવામાં આવ્યા બાદ પડોશી દેશોના વલણને લઈને પણ પ્રશ્નો થઈ રહ્યા છે. કમનસીબ રીતે ભારતના પડોશી દેશો નિષ્પક્ષ ન હોવાના કારણે આજે એક પછી એક સમસ્યા આવી રહી છે. જેમાં ત્રાસવાદના દુષણનો સમાવેશ થાય છે. પડોશી દેશો અને ખાસ કરીને પાકિસ્તાન અને ચીનના નિરાશાજનક વલણના કારણે આજે એકપછી એક સમસ્યા ઉભી થઈ રહી છે. ત્રાસવાદ ખતરનાક પડકાર બનવા માટેના કારણ પડોસી દેશોનુ વલણ છે. પાકિસ્તાન અને ચીને વિશ્વના દેશોની આંખાં ધુળ નાંખીને ત્રાસવાદીઓ સામે પગલાના મામલે ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કર્યા છે. જેથી ભારતને ત્રાસવાદના દુષણને રોકવામાં સફળતા મળી રહી નથી. ચીનની બેલ્ટ એન્ડ રોડની પોલીસી હેઠળ ભારતે આ પ્રકારની તૈયારી કરી છે. ચીનની આક્રમક નિતી સામે ભારતે હવે પડોશી પહેલાની નીતિ પર કામ શરૂ કર્યુ છે. હાલના વર્ષોમાં ચીનના વધતા જતા પ્રભાવના કારણે ભારતના પડોસી દેશો સાથે સંબંધ ખટાસમાં પડી રહ્યા છે. ઐતિહાસિક સંબંધ અને અનેક પરિયોજના જે ભારતને પડોશી દેશો સાથે જોડે છે તે ટિકા ટિપ્પણી હેઠળ આવી ગઈ છે. ચીની યોજના લાલચી રહેલી છે જેના કારણે મોટી યોજના ઝડપથી બની રહી છે. તે ભારતીય યોજનાની ગતિ અને કદને મર્યાદિત કરે છે. ભારત અને ચીનના સંબંધોમાં ઐતિહાસિક અડચણો આવી રહી છે. જેના કારણે સમસ્યા વધારે જટિલ બની રહી છે. જેના કારણે ભારત અને નેપાળ વચ્ચેના સંબંધમાં નાની અડચણો આવી રહી છે. નાના મુદ્દા પર પણ તેમની વચ્ચે ગંભીર અસર જોવા મળી રહી છે. દાખલા તરીકે વર્ષ ૨૦૧૫માં લાગુ કરવામાં આવેલા નવા બંધારણના કારણે નેપાળ સાથે ભારતના સંબંધમાં અડચણો ઉભી થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પડોશ પહેલાની નીતિમાં ચીનના પ્રભાવને સૌથી પહેલા જોઈ શકાય છે. તેની અસર પણ છે. ચીન ભારત માટે આમાં પણ પડકારરૂપ છે. જેના કારણે ભારતની રણનીતિમાં ફેરફાર થઈ રહ્યા છે. વડાપ્રધાન કેપી ઓલીએ ઓગષ્ટ ૨૦૧૬માં ભારત પર પોતાની સરકારને ઉથલાવી દેવાનો આરોપ પણ મુક્યો હતો. મ્યાનમારમાં પણ રોહિંગ્યા શરણાર્થીઓ પ્રત્યે ભારતના વલણના કારણે કેટલીક સમસ્યા આવી રહી છે. ભારતમાં રહેતા ૪૦ હજાર રોહિંગ્યા શરણાર્થીઓને લઈને કેટલાક પ્રશ્નો થઈ રહ્યા છે. પડોશી દેશ ચીન પાકિસ્તાનના ત્રાસવાદને લઈને ક્યારેય લાલ આંખ કરી નથી. બદલામાં ચીને પાકિસ્તાની ત્રાસવાદીઓને બચાવી લેવાના પ્રયાસ કર્યા છે. જેથી કમનસીબ રીતે ત્રાસવાદ ખતરનાક માર્ગે છે. પુલવામા હુમલા અંગે સંયુક્ત રાષ્ટ્રના નિવેદને રોકવાના પ્રયાસ ચીને કર્યા હતા. સાથે સાથે પાકિસ્તાને તો નિવેદન કોઈ જારી જ ન કરાય તેવા પ્રયાસ કર્યા હતા. જે સાબિત કરે છે કે પાકિસ્તાન અને ચીનનુ વલણ ભારત પ્રત્યે કેવુ રહેલુ છે. આ બંને દેશો ભારતને સતત પરેશાન કરવાની ઝુંબેશ જારી રાખી છે. મસુદને ત્રાસવાદી જાહેર કરવાને લઈને ભારતના પ્રયાસોને નિષ્ફળ કરવાના પ્રયાસો ચીને હમેંશા જારી રાખ્યા છે. જે તેના ખતરનાક વલણને દર્શાવે છે.

સંબંધ સુધારવાના પ્રયાસો છતાં પાકિસ્તાન સહિતના કેટલાક દેશોનુ અયોગ્ય વલણ



બોલીવુડના દબંગ ખાન સલમાન ખાને મુંબઈમાં તેમની ફિલ્મ 'નોટબુક'ના ટ્રેલર લોન્ચ પ્રસંગે પહોંચ્યા હતા. અહીં સલમાન ખાનનો માચો લુક જોવા મળ્યો હતો. અહીં સલમાનને જોવા માટે તેના ફેન્સની ભીડ જમા થઈ ગઈ હતી.

પુલવામાં હુમલા બાદ ચીન ફરી વિશ્વ સમક્ષ ખુલ્લુ પડી ગયુ છે..

મસુદ મુદ્દે ચીનનુ ખતરનાક વલણ



મસુદ અઝહરના મામલે ચીને હાલમાં જે પ્રકારનુ વલણ અપનાવ્યુ છે તે જોતા તેના પર આંખ બંધ કરીને ક્યારેય વિશ્વાસ ન કરી શકાય

જમ્મુ કાશ્મીરમાં પુલવામા ખાતે સીઆરપીએફ કાફલા પર હુમલો કરવામાં આવ્યા બાદ ચીનનુ ખતરનાક વલણ ફરી એકવાર સપાટી પર આવ્યુ છે. કારણ કે ત્રાસવાદી હુમલાને વખોડી કાઢવા સાથે સંબંધિત સંયુક્ત રાષ્ટ્રના વલણને પણ ચીને રોકવામાં ભૂમિકા અદા કરી હતી. ખતરનાક ત્રાસવાદી મસુદ અઝહરના મામલે ચીને વખોડવાલાયક વલણ અપનાવ્યુ છે. ચીન સાથે સંબંધોને સામાન્ય કરવાના તમામ પ્રયાસો ભારત દ્વારા હમેંશા થતા રહ્યા છે પરંતુ ચીને હમેંશા ભારતના જુદા જુદા પગલા આડે અડચણો ઉભી કરીને તેના ખતરનાક ઈરાદા જાહેર કર્યા છે. દેશમાં અનેક ત્રાસવાદી હુમલા માટે જવાબદાર કુખ્યાત મસુદ અઝહરના મામલે પણ ચીને હાલમાં જે રીતે વલણ અપનાવ્યુ છે તેના કારણે ત્રાસવાદના મુદ્દે તેની ખતરનાક અને બેવડી નીતિ ખુલ્લી પડી ગઈ છે. અમેરિકા, ફ્રાન્સ અને ઈંગ્લેન્ડ જેવા દેશો જયારે ત્રાસવાદના મુદ્દે ભારતની સાથે હાથ મિલાવી રહ્યા છે ત્યારે મસુદ મામલે ચીને થોડાક સમય પહેલા વીટોનો ઉપયોગ કર્યો હતો. જેના કારણે તે હવે ખુલ્લુ પણ પડી રહ્યુ છે. વિશ્વની સામે રહેલા ત્રાસવાદના સૌથી મોટા પડકારના મામલે પણ ચીન ભારતની સાથે દેખાતુ નથી. ત્રાસવાદીઓ સામે કઠોર કાર્યવાહી કરવા માટે ચીન પાકિસ્તાન પર ક્યારેય દબાણ લાવતુ નથી. તે મિત્ર દેશ પાકિસ્તાન પર મસુદ મામલે પણ તે કોઈ વાત કરતુ નથી. આવી સ્થિતીમાં જયારે દુશ્મનાવટભર્યુ વલણ છોડવા માટે તૈયાર નથી ત્યારે વારંવાર તેની સાથે મિત્રતા વધુ મજબુત કરવાની વાત કરવી ભારત માટે યોગ્ય દેખાતી નથી. સમગ્ર વિશ્વને હચમચાવી રહેલા અને દહેશત ફેલાવનાર ત્રાસવાદના મુદ્દે પણ ચીન ભારતની સાથે સહકાર કરવા માટે તૈયાર નથી ત્યારે આવી સ્થિતીમાં તેની સાથે સંબંધ મજબુત કરવા અને વિશ્વાસ રાખવાની બાબત ભારત માટે યોગ્ય દેખાતી નથી. ચીનને લઈને હજુ સાવધાન રહેવાની જરૂર છે. ચીન જયારે તેનુ વલણ બદલવા માટે તૈયાર નથી ત્યારે ભારતે તેની સાથે વિશ્વાસના સંબંધ આગળ વધારે તે બાબત ગળે ઉતરતી નથી. પડોશી દેશો સાથે સંબંધ સારા કરવા અને મજબુત બનાવવાની પહેલનો કોઈ વિરોધ કરી શકે નહી પરંતુ વારંવાર વિશ્વાસઘાતની સ્થિતીનો સામનો કર્યા બાદ પણ જરૂર કરતા વધારે દેખાવાની સ્થિતીથી ચોક્કસપણે બચી શકાય છે. થોડાક સમય પહેલા ચીની પ્રમુખ શી ઝિનપિંગ ભારત આવ્યા હતા. ઝિનપિંગ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શહેર અમદાવાદમાં પણ ગયા હતા. પ્રોટોકોલ તોડીને સાબરમતી નદીના કિનારે હિચકા પર ઝુલતા વાત પણ કરી હતી. દિલ્હી પહોંચ્યા બાદ પણ તેમનુ શાનદાર સ્વાગત કરવામાં આવ્યું. એવુ લાગી રહ્યું હતુ કે જયારે બન્ને દેશો વચ્ચે તંગ સંબંધો હળવા થવાની શરૂઆત થઈ ગઈ છે. બન્ને મળીને નવી તાકાત તરીકે ઉભરી શકે છે. વેપાર પણ વધારી શકે છે, સાંસ્કૃતિ આપ લે પણ કરી શકે છે. ત્યારબાદ ભારતીય વડાપ્રધાન મોદી પણ ચીન ગયા હતા. તેમનુ પણ જોરદાર રીતે સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ભેંટ સોગાદોની આપલે થઈ હતી. કેટલાક કરારો પણ થયા હતા. જેથી ફરી એવુ લાગ્યું કે બન્ને દેશો વિશ્વાસ નિર્માણની દિશામાં વધી રહ્યા છે. પરંતુ આવા પ્રયાસોને ચીન કદાચ ભારતની નબળાઈ તરીકે ગણે છે. ચીની પ્રમુખની ભારત યાત્રા પહેલા લડાખમાં ચીની સૈનિકો ઘુસી ગયા હતા. કેટલાક ભારતીય જવાનોને બાનમાં પણ પકડી લીધા હતા. ચીનની ખતરનાક નિતી આ બાબતથી સ્પષ્ટ હતી. બે દેશ જયારે જુના વાતોને ભુલીને નવા પ્રકરણની શરૂઆત કરવાની દિશામાં આગળ વધે છે ત્યારે સેના એકબીજાની સરહદમાં ઘુસી જતી નથી. માર્ગો બનાવવામાં આવતા નથી. ચીન એવા તમામ પગલા લેતુ આવ્યુ છે જે તે પહેલા પણ લઈ રહ્યું હતુ. આવી સ્થિતીમાં તેની સાથે વિશ્વાસના સંબંધ ખતરનાક સાબિત થઈ શકે છે. હવે મિડિયામાં જે અહેવાલ આવી રહ્યા છે તે વધારે ખતરનાક છે. મોદીની યાત્રાના સપ્તાહ બાદ જ ભારતીય સરહદ કુદીને ચીની સબમરીન કરાચી પહોંચી હતી. એટલે મિત્રતા ભારતની સાથે અને મદદ પાકિસ્તાનને કરવાની તેની નિતી રહી છે. એકબાજુ ભારતીય અધિકારી ચીની હરકત પર નજર રાખવાનો દાવો કરી રહ્યા છે ત્યારે ચીન આંખમાં ધુળ નાંખીને અમારી દરિયાઈ સરહદમાંથી પાકિસ્તાનને મદદ કરી રહ્યું છે. પડોશી દેશ ચીન સાથે સંબંધ સુધારવાની બાબત ખોટી નથી પરંતુ તેની સાથે સાવધાની ખુબ જરૂરી છે. ચીન પર આંખ બંધ કરીને વિશ્વાસ કરવાના મામલે અમે ભુતકાળમાં ભારે કિંમત ચુકવી ચુક્યા છીએ. ભવિષ્યમાં આવી ભુલ ન થાય તે જરૂરી છે. તેને સાવધાન કરવામાં આવે તે પણ જરૂરી છે. પાકિસ્તાનમાં રહેલા ખતરનાક ત્રાસવાદી મસુદ અઝહરના મુદ્દે કોઈ કાર્યવાહી નહી કરવા પાછળ પણ કેટલાક હેતુ રહેલા છે. તે પાકિસ્તાનમાં કેટલાક પ્રોજેક્ટ સાથે આગળ વધી રહ્યુ છે. આવી સ્થિતીમાં પોતાના નજીકના વિશ્વાસુ પાકિસ્તાન સામે કોઈ દબાણ લાવવાની નીતિ અપનાવવા ચીન તૈયાર નથી. ત્રાસવાદ સામેની જંગમાં આ પ્રકારના દેશો એક સાથે આવી રહ્યા નથી જેથી ત્રાસવાદીઓ વારંવાર કોઈને કોઈ દેશના લોકોને ટાર્ગેટ બનાવે છે.

બી અવેયર : સ્પર્મ કાઉન્ટ અને ટેસ્ટોસ્ટેરોન ઘટી જાય છે...

સ્થુળતા સેક્સ લાઈફ માટે ખતરનાક



સ્થુળતા ઘણી બિમારને સીધી રીતે આમંત્રણ આપે છે : અન્ય બિમારીની સાથે સેક્સ લાઈફને પણ નુકસાન થતુ હોવાનો નિષ્ણાંતોનો દાવો

આમાં કોઈ શકા નથી કે સ્થુળતા અનેક બિમારીને આમંત્રણ આપે છે. સ્થુળતાના કારણે માત્ર ગંભીર બિમારીને જ આમંત્રણ મળતુ નથી બલ્કે સેક્સ લાઈફને પણ નુકસાન થઈ રહ્યુ છે. સ્થુળતાના કારણે હાઈપરટેન્સન, ડાયાબિટીસ અને કેન્સર જેવી બિમારીને આમંત્રણ આપે છે. જો કે હવે સેક્સ લાઈફને નુકસાન થઈ રહ્યુ હોવાના હેવાલ પણ મળી રહ્યા છે. ન્યુયોર્કના બફલો યુનિવર્સિટીમાં કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સ્થુળતાના કારણે પુરષોમાં ટેસ્ટોસ્ટેરોન હાર્મોનનુ સ્તર ઘટી જાય છે.તમામ લોકો જાણતા નથી કે ટેસ્ટોસ્ટેરોન હાર્મોન પુરૂષોમાં સેક્સની ઈચ્છા વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે. જો આ હાર્મોનનુ સ્તર ઘટી જાય છે તો તેમની સેક્સ ડ્રાઈવ ઘટી જાય છે. મધર્સ લેપ આઈવીએફ સેન્ટરના મેડિકલ ડાયરેક્ટર અને આઈવીએફ સ્પેશિયાલિસ્ટ શોભા ગુપ્તાએ કહ્યુ છે કે સેક્યુઅલ પરફોર્મન્સ માટે પણ સ્ટેમિના ખુબ જરૂરી છે. જો કે સ્થુળતાના કારણે સ્ટેમિના પર પ્રતિકુળ અસર થાય છે. સ્થુળતાના કારણે પુરૂષોના પ્રાઈવેટ પાર્ટમાં લોહીનુ પ્રમાણ યોગ્ય રીતે પહોંચી જતુ નથી. જેથી ત્યાં લોહીની કમી થાય છે. ટેસ્ટોસ્ટેરોન હાર્મોન પુરૂષોના પ્રાઈવેટ પાર્ટના હાડકાને મજબુત બને છે. સાથે સાથે તેના વિકાસમાં ઉપયોગી બને છે. પોતાને તરોતાજા રાખવા અને ટેન્શનને દૂર કરવા માટે નિયમિત સેક્સ એક સારો વિકલ્પ છે. સેક્સથી શરીરમાં પેદા થનાર એસ્ટ્રોજન હાર્મોન ઓસ્ટીયોપોરોસિસ નામની બિમારી નહીં થવા દેવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. સેક્સના કારણે એન્ડોરફિન હાર્મોનનું કદ વધી જાય છે જેનાથી સ્કીનની ખૂબસુરતી વધી જાય છે. એસ્ટ્રોજન હાર્મોન શરીર માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ શરીરની સુખસુવિધાઓને વધારવામાં ઉપયોગી છે. શરીરને આનંદની લાગણી આ હાર્મોનના કારણે થાય છે. સફળ અને નિયમિત રીતે સેક્સ કરનાર દંપત્તિ વધારે સ્વસ્થ જોવા મળ્યા છે. તેમની ખૂબસુરતી પણ લાંબા સમય સુધી ટકી રહે છે. તેમનામાં ઉત્સાહ અને આત્મવિશ્વાસ પણ વધારે રહે છે. સેક્સથી દૂર રહેનાર લોકો સંકોચ અને અપરાધની ભાવના અનુભવ કરે છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સેક્સના લીધે શારીરિક ઊર્જા ખર્ચ થાય છે જેના કારણે ચરબીને ઘટાડવામાં પણ મદદ મળે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે એક વખત સેક્સથી ૫૦૦થી ૧૦૦૦ કેલોરી ઊર્જા ખર્ચ થઈ જાય છે. નિષ્ણાંતોના જણાવ્યા મુજબ સેક્સવેળા કરવામાં આવેલા ચુંબનથી નવ કેલોરી ઉર્જા બર્ન થાય છે. તબીબો અને વૈજ્ઞાનિકોનું કહેવું છે કે સેક્સ પ્રવૃત્તિ સ્વસ્થ માનસિકતા જાળવી રાખવામાં પણ ઉપયોગી છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આના લીધે શરીરમાં ઘણા પ્રકારના હારમોન પેદા થાય છે જે શરીરને સ્વસ્થ અને ખૂબસુરત રાખવામાં ઉપયોગી ભૂમિકા અદા કરે છે. આ અગાઉ વૈજ્ઞાનિકો આ બાબત સાબિત કરી ચૂક્યા છે કે સેક્સ ઘણા રોગોને દૂર કરવામાં ઉપયોગી છે. હેલ્થ અને બ્યુટીને જાળવી રાખવામાં પણ ઉપયોગી થાય છે.તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સારી સેક્સ લાઈફ આયુષ્યને વધારવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. અમેરિકાના વય વિરોધી નિષ્ણાંત ડૉક્ટર ઈરીક બ્રેવરમેને તેમના નવા પુસ્તક યંગર (સેક્સીયર) યુમાં ઘણી બાબતોનો ઉલ્લેખ કર્યો છે. જેમાં જણાવ્યું છે કે સારી સેક્સ લાઈફ માત્ર આયુષ્યને જ વધારવામાં ઉપયોગી નથી બલ્કે વધુ યુવા દેખાવામાં તથા ખુશખુશાલ અનુભવ કરવામાં પણ મહત્વની ભૂમિકા અદા કરે છે. પુસ્તકમાં તેમણે એમ પણ કહ્યું છે કે સેક્સના લીધે માત્ર હારમોનના સ્તરમાં જ વધારો થતો નથી. બલ્કે ડિમાંગની કામગીરી, હાર્ટની સ્થિતિ અને રોગપ્રતિકારક શક્તિને વધારવામાં પણ ઉપયોગી ભૂમિકા અદા કરે છે. પુસ્તકમાં બ્રેવરમેને જણાવ્યું છે કે કોફી પણ ઘટતી જતી સેક્સ શક્તિને ઘટાડવામાં ઉપયોગી ભૂમિકા અદા કરે છે. બ્રાઉન રાઈસ ખાવાથી પણ ઘટતી જતી સેક્સ શક્તિને અટકાવવામાં મદદ મળે છે. બ્રેવરમેને પુસ્તકમાં અન્ય ઘણી મહત્વની બાબતનો ઉલ્લેખ કર્યો છે. તેઓએ અભ્યાસમાં જણાવ્યું છે કે સપ્તાહમાં ત્રણ અથવા વધુ વખત સેક્સ હાર્ટ એટેકના જોખમને ઘટાડવામાં મદદ કરે છે અથવા તો પુરુષોમાં સ્ટ્રોકના હુમલાઓને ઘટાડવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. તાજેતરના અભ્યાસમાં એમ પણ જાણવા મળ્યું છે કે સેક્સથી ઈન્ફેક્સન સામે લડતા સેલ્સની સંખ્યામાં પણ ૨૦ ટકા સુધીનો વધારો કરે છે.

અભ્યાસમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટી વયના પુરુષોમાં વધારે સેક્સ પ્રવૃત્તિથી પ્રોસ્ટેટ કેન્સરનો ખતરો પણ ટળે છે. તબીબોના જણાવ્યા મુજબ બ્રેન અને શરીરના અન્ય ભાગો માટે પણ ઘણા મહત્વપૂર્ણ સૂચનો પણ કરવામાં આવ્યા છે.

શરદી, તાવને દુર રાખવામાં પણ મોટી ભૂમિકા છે

ધ્યાન કેન્દ્રિત કરવાના લાભો

હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ધ્યાન કેન્દ્રીત કરવાથી શરદી અને તાવ જેવી તકલીફને દૂર કરી શકાય છે. બ્રિટનમાં કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ધ્યાન કેન્દ્રીત કરવાથી શરદી અને તાવ દૂર રહે છે. વિસ્કેન્સીન મેડીસીન યુનિવર્સિટીના એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જે પુખ્તવયના લોકો ધ્યાન કેન્દ્રીત કરે છે અથવા તો ચાલવા જેવી હળવી કસરત કરે છે તે વ્યક્તિ આઠ સપ્તાહ સુધી એવા લોકોની સરખામણીમાં શરદી, ઉધરસથી ઓછા અસરગ્રસ્ત રહે છે જે આવી કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ હાથ ધરતા નથી. છેલ્લા અભ્યાસમાં જણાવવામાં આવ્યું હતું કે ધ્યાન કેન્દ્રીત કરવાથી મૂડમાં સુધારો થાય છે. સાથે સાથે ટેન્શનને દૂર કરવામાં મદદ મળે છે. આનાથી રોગપ્રતિકારક ક્ષમતામાં પણ વધારો થઈ જાય છે. ધ્યાન કેન્દ્રીત કરવા અંગેનો ઉલ્લેખ હિંદુ શાસ્ત્રોમાં પણ કરવામાં આવ્યો છે. પાંચમી અને છઠ્ઠી સદી દરમિયાન ધ્યાન કેન્દ્રીત કરવાના અન્ય તરીકાનો ઉલ્લેખ ચીન અને ભારતમાં કરવામાં આવ્યો છે. બ્રિટનના જાણીતા અખબાર ડેલી મેલે કહ્યું છે કે ૧૫૦ લોકોને ત્રણ જુદા જુદા વર્ગોમાં વિભાજિત કરવામાં આવ્યા હતા. એક જૂથમાં ધ્યાન કેન્દ્રીત કરનાર લોકોને રાખવામાં આવ્યા હતા. બીજા ગ્રૂપમાં આઠ સપ્તાહ સુધી દોડ લગાવનાર લોકોને રાખવામાં આવ્યા હતા. જ્યારે ત્રીજા વર્ગમાં કોઈપણ કામ નહીં કરતા લોકોને રાખવામાં આવ્યા હતા. અભ્યાસ બાદ જાણવા મળ્યું કે શરદી, ગરમી, ગળામાં તકલીફ, તાવ જેવા લક્ષણો એવા લોકોમાં વધારે દેખાય છે જે લોકો કોઈપણ પ્રકારની શારીરિક કસરત કરતા નથી. અભ્યાસના તારણો એન્નાલ્સ ઓફ ફેમીલી મેડીસીનમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે.

હિન્દુ ધર્મમાં પાંચનું મહત્ત્વ ખાસ એમાંય વટવૃક્ષનું તો અનેરું મહાત્મ્ય

હિન્દુ ધર્મમાં પાંચની સંખ્યાનું બહુ મહત્ત્વ છે. પ્રકૃતિની સૌથી મહાન રચના છે માણસ, એ માણસનું શરીર પાંચ તત્ત્વોનું એટલે કે ધરતી, જળ, અગ્નિ, વાયુ અને આકાશનું બનેલું છે. હિન્દુ ધર્મ કહો કે હિન્દુ કહો, પણ એમાં પંચ યુગ્મોનું બહુ મહત્ત્વ છે. એમાં મુખ્ય છે પંચામૃત, પંચ સરોવર, પંચનદી, પંચતીર્થ અને પંચવટ. ગાયનું કાચું દૂધ, મધ, સાકર, દહીં અને ગાયનું ઘી મળીને બને છે પંચામૃત તો માનસરોવર, પુષ્કર, બિંદુસરોવર, નારાયણ સરોવર અને પંપા સરોવર મળીને થયાં પંચ સરોવર. ગંગા, યમુના, સરસ્વતી અને નર્મદા બનાવે પંચનદી અને પ્રયાગ, રામેશ્વરમ, ગયા, પુષ્કર અને ગંગાસાગરથી બને છે, પંચતીર્થ. આ જ યાદીમાં આગળ અક્ષયવટ, પંચવટ, બંશીવટ, મોક્ષવટ અને સિદ્ધવટથી પંચવટ કહેવાય છે.

આ પંચવટોમાં પ્રયાગમાં અક્ષયવટ, નાશિકમાં પંચવટ, વૃંદાવનમાં બંશીવટ, ગયામાં મોક્ષવટ અને ઉજ્જૈનમાં સિદ્ધવટ છે. વડનાં ઝાડને વટવૃક્ષ કહે છે. હિન્દુ ધર્મમાં પીપળાનાં વૃક્ષ પછી સૌથી વધારે પવિત્ર વૃક્ષ વડનાં ઝાડને જ માનવામાં આવે છે. હિન્દુ ધર્મમાં વટસાવિત્રી નામનો એક ઉત્સવ પૂર્ણપણે વડનાં વૃક્ષને સમર્પિત છે, જેમાં સૌભાગ્યવતી સ્ત્રીઓ વડનાં વૃક્ષને ધાગો બાંધીને પોતાના પતિની લાંબી આવરદા માટે પ્રાર્થના કરે છે. પીપળાનાં વૃક્ષમાં ભગવાન વિષ્ણુનો વાસ હોવાનું માનવામાં આવે છે તો વડનાં વૃક્ષમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ ત્રણેય સર્વોચ્ચ દેવતાઓનો વાસ હોવાનું માનવામાં આવે છે. ધર્મગ્રંથોમાં વડ એટલે કે બરગદને શિવનો અવતાર પણ કહેવામાં આવ્યું છે, એથી વટ કે વડનાં દર્શન કરવાથી સાક્ષાત શિવનાં દર્શન કરવા, એવું કહેવામાં આવે છે.

એમ જોવા જઈએ તો, બરગદનાં વૃક્ષનાં ધાર્મિક મહત્ત્વની સાથે સામાજિક અને વાનસ્પતિક મહત્ત્વ પણ ઘણું છે, કારણ કે સૌથી પહેલા તો આ વૃક્ષ મહાબલી, દીર્ઘજીવી અને વિશાળ વૃક્ષ છે. વડનું ઝાડ સામાન્ય વૃક્ષો કરતાં વધારે ઑક્સિજન પેદા કરે છે, જે ધરતી પરનાં જીવન માટે અનિવાર્ય છે. આ ઑક્સિજન જ ધરતીને અખિલ બ્રહ્માંડમાં સૌથી મોટો ગ્રહ બનાવે છે. વડનાં ઝાડ પર મોટા પ્રમાણમાં મીઠાં ફળ બેસે છે, જે ખાઈને પક્ષીઓની હજારો પ્રકારની પ્રજાતિઓ જીવતી રહે છે. વડનું ઝાડ ખરેખર તો પક્ષીપાલક વૃક્ષ છે અને પક્ષીઓનું હોવું એ કુદરતનાં ઈકો-સંતુલન માટે અત્યાવશ્યક છે. એમ જોવા જઈએ તો વડનાં વૃક્ષનું ધાર્મિક મહત્ત્વ છે એટલું જ સાંસ્કૃતિક અને વાનસ્પતિક મહત્ત્વ પણ છે જ, કદાચ એથી પણ વધારે છે.

માઈથોલોજિકલ પરંપરામાં વડના વૃક્ષનો વિચાર કરતાં સમજાઈ જાય છે કે, અલગ અલગ દેવતાઓને ફાળે અલગ અલગ વૃક્ષ આવ્યું છે. એ રીતે જોતાં યક્ષોના રાજા મણિભદ્રથી વટવૃક્ષ ઉત્પન્ન થયું છે. એવું માનવામાં આવે છે કે, એનું પૂજન કરવાથી કે વડને પાણી રેડવાથી પુણ્યની પ્રાપ્તિ થાય છે, કારણ કે એની શાખાઓ-ડાળોમાં ભગવાન શિવ, એની છાલમાં ભગવાન વિષ્ણુ અને એનાં મૂળમાં ભગવાન બ્રહ્માનો વાસ હોય છે. બરગદ સર્જનનું પ્રતીક છે એટલે સંતાનની ઈચ્છા રાખવાવાળા લોકો વટવૃક્ષને જળ ધરાવે છે કે ચઢાવે છે. વડનાં ઝાડને પૃથ્વી પર સૌથી વધારે જીવવાવાળાં વૃક્ષોમાંનું એક હોવાનું માનવામાં આવે છે એટલે એને અક્ષયવટ પણ કહે છે.

આરોગ્ય કે તંદુરસ્તીની રીતે પણ એનું બહુ મહત્ત્વ છે, કારણ કે એનો છાંયો એક માત્ર એવો વૃક્ષછાંયો છે કે, જેની અસર ફક્ત શરીર પર જ નહીં પણ સીધી મન ઉપર પણ પડે છે. વડનો છાંયડો ચિત્તને શાંત કરે છે. આ વૃક્ષની એક ખાસયિત એ પણ છે કે, એ સખત ઠંડી અને આગ વરસાવતી ગરમીમાં પણ લીલુંછમ રહે છે, એવી ક્ષમતા અન્ય વૃક્ષોમાં નથી. એની ડાળીઓ અને પાંદડાંમાંથી દૂધ નીકળે છે, એનું ઔષધીય મહત્ત્વ ઘણું છે. કેટલાક તાંત્રિકો વડનાં દૂધનો ઉપયોગ તંત્ર-મંત્રની સાધનામાં પણ કરે છે. એમ તો એની છાલ અને પાંદડાંમાંથી પણ ઔષધી બનાવવામાં આવે છે.

ધાર્મિક વિધાન પ્રમાણે, જેઠ મહિનાની વદ પખવાડિયાની અમાસના દિવસે વટના વૃક્ષની ખાસ પૂજા કરવામાં આવે છે. શાસ્ત્રોના મત અનુસાર આ દિવસની પૂજાથી સૌભાગ્ય તથા ધન અને સુખ-શાંતિની પ્રાપ્તિ થાય છે. આ જ દિવસે શનિદેવનો જન્મ થયો છે અને આ જ દિવસે સાવિત્રીએ યમરાજ પાસેથી એના પતિ સત્યવાનના પ્રાણની રક્ષા કરી હતી. આ કારણોસર આઈ દિવસ એકદમ ખાસ છે. સાવિત્રી અને સત્યવાનની કથા અનુસાર, વડના વૃક્ષે પોતાની ડાળીઓ અને વડવાઈઓથી ઘેરી લઈને જંગલી પશુઓથી એની રક્ષા કરી હતી. એથી આ દિવસે વટવૃક્ષની પૂજા કરવામાં આવે છે. આ રીતે જોતાં વટવૃક્ષનું આપણા જીવન સાથે ફક્ત ધાર્મિક જ નહીં, પણ સામાજિક અને વૈજ્ઞાનિક મહત્ત્વ પણ બહુ છે. આથી જ દરેક જણે વડના ઝાડને, વટવૃક્ષને અનુલક્ષીને સંવેદનશીલ હોવું જ જોઈએ.



વડનાં વૃક્ષની વિશેષતા

અનેક બીજવાળાં ૭૫૦ પ્રકારનાં વૃક્ષોમાં વડનાં વૃક્ષનો સમાવેશ છે. વડનું વૃક્ષ જોડેનાં વૃક્ષના બીજમાંથી ફૂટી નીકળે એવું અને એ રીતે પોતાના પરાગકણ અન્ય વૃક્ષમાં કે તેનાં બીજમાં રોપે છે. નિષ્ણાતોના મતે વડનું ઝાડ અન્ય વૃક્ષોની જમીનમાં તેના બીજ સહેલાઈથી જડ નાખીને, ફેલાઈને વૃદ્ધિ કરે છે. બીજા વૃક્ષોને એટલે કે યજમાન વૃક્ષને ગૂંગળાવી નાખે એ રીતે તે પોતાના મૂળ, વડવાઈઓને જમીનમાં ઉતારે છે એમ નિષ્ણાતો કહે છે. એની વડવાઈઓ જમીનમાં ઊતરીને મૂળ થડને ટેકો કરે છે અને નવા થડની વૃદ્ધિ કરવામાં કારણભૂત બને છે. એ વડવાઈઓ ફૂલીફાલીને નવા થડ જેવી જ દેખાવા લાગે છે.

વળી, આ વૃક્ષ જમીનનો જેટલો મોટો વિસ્તાર આવરી લે છે તેના આધારે વડનાં વૃક્ષને વિશ્વનું સૌથી મોટાં, વિશાળ વૃક્ષ કહેવામાં-માનવામાં આવે છે. જાણકારોના કહેવા પ્રમાણે વડનું સૌથી વધું મોટું વડવૃક્ષ આજે ભારતમાં આંધ્રપ્રદેશમાં આવેલું છે. એ વડવૃક્ષે ૧.૯ હૅક્ટર જમીન એટલે કે ૪.૭ એકર જમીન આવરી લીધી છે, એટલું જ નહીં આંધ્રપ્રદેશનો આ વડ એક રસાથે ૨૦,૦૦૦ લોકોને આશરો-છાંયડો આપી શકે છે! વડનું વૃક્ષ પર્યાવરણીય બચાવનો મોટ આધાર છે, જેમ એક પૈડાને આધાર આપવા તેમાં પરોવાતો ખીલો! વડ બહુ મોટાં પ્રમાણમાં ફળ-ટેટા પેદા કરે છે. ફળો ખાનારા પક્ષીઓ એના પર નભે છે અને જાતજાતનાં પક્ષીઓ માત્ર ટેટાં ખાઈને જીવતાં હોવાનું વનસ્પતિશાસ્ત્રીઓ કહે છે. ભોંય પડેલાં પાકાં ટેટા ખાય છે અને ગુજારો કરે છે. આ પક્ષીઓ હગાર રૂપે અન્ય વનસ્પતિમાં તેના અવશેષો નાખે છે અને નવા વડનું સર્જન થવાની સંભાવનાઓ સર્જાય છે.

સૌથી પહેલાં વડનાં વૃક્ષના સંપર્કમાં આવનારી યુરોપિયન વ્યક્તિ ગ્રીસની એલેકઝાન્ડર ધ ગ્રેટ હતી અને તેની સાથે તેનાં સૈન્યે પહેલીવાર વડનાં વૃક્ષનાં દર્શન કર્યા હતાં એટલે કે પહેલી વાર વૃનું વૃક્ષ જોયું હતું. આ એલેકઝાન્ડર ઈસવીસન પૂર્વે ૩૨૬માં ભારત આવ્યો હતો. એણે લખેલી નોંધ તેણે ગ્રીસના વિખ્યાત વનસ્પતિશાસ્ત્રી થિયોફ્રેસ્ટસને આપી હતી. એ નોંધોનો એવો વિસ્તાર થયોકે ૧૭મી સદીના ઈંગ્લિશ કવિ જ્હોન મિલ્ટને 'પેરેડાઈઝ લોસ્ટ' નામની કવિતા લખી હતી, જેમાં લખ્યું હતું કે આદમ અને ઈવે શરીર ઢાંકવા માટે વડના વૃક્ષનાં પાંદડાંમાંથી પહેલું વસ્ત્ર બનાવ્યું હતું.

હિન્દુઓના મતે ભગવાન કૃષ્ણે ભગવત ગીતાનો ઉપદેશ વડના વૃક્ષ નીચે આપ્યો હતો. હજારો વર્ષોથી લોકો વડનાંવૃક્ષનો દવા તરીકે ઉપયોગ કરતાં આવ્યા છે. આજે નેપાળમાં લોકો વડનાં વૃક્ષનાં પાંદડાં, છાલ અને મૂળિયાં દ્વારા વિષ વિકૃતિઓને નાબૂદ કરે છે.

દક્ષિણ ભારતમાંથી મળી દેડકાની નવી પ્રજાતિ



ભારતીય સંશોધકોએ માઈક્રો હાઈડાલિટી જાતિના દેડકાની એક નવી પ્રજાતિની શોધ કરી છે. દેડકાની આ પ્રજાતિ કેરળનાદક્ષિણ-પશ્ચિમ ઘાટમાં માર્ગના કિનારે અસ્થાયી તળાવમાંથી મળી આવી છે. આ સંશોધન સાથે જોડાયેલા દિલ્હી વિશ્વવ વિદ્યાલયના વૈજ્ઞાનિકો સોનાલી ગર્ગ અને પ્રો. એસડી બીજુએ વિકાસવાદી જીવ વિજ્ઞાની પ્રો. ફ્રેન્કી બોસુઈટના નામ પર આ નવી પ્રજાતિને મિસ્ટીસેલસ ફ્રેન્કી નામ આપ્યું છે. આ પ્રજાતિ દક્ષિણ-પૂર્વીય એશિયાના માઈક્રો હાઈલિનના ઉપ-પરિવારના દેડકા સાથે મળતી આવે છે. તેનાથી નજીકની આ પ્રજાતિ લગભગ બે હજાર કિલોમીટર દૂર દક્ષિણ-પૂર્વ એશિયાના ભારત-બર્મા અને સુંડાલેન્ડના વૈશ્વિક જીવવાળા વિવિધ ક્ષેત્રોમાં મળી આવે છે. વૈજ્ઞાનિકોના જણાવ્યા પ્રમાણે લગભગ ચાર કરોડ વર્ષ પૂર્વે આ પ્રજાતિ જુદી થઈ ગઈ છે. આ સમાનતાને કારણે ભારત અને યુરેશિયા વચ્ચે જૈવિક આદાન-પ્રદાન થઈ શકે છે. આ પ્રજાતિ પ્રત્યે પહેલા કોઈનું ધ્યાન નહોતું ગયું. એનાથી સ્પષ્ટ થાય છે કે આ ક્ષેત્રમાં ઉભયચરોનું દસ્તાવેજીકરણ પૂરી રીતે હજુ સુધી થયું નથી. બીજું કારણ એ પણ છે કે આ જાતિના દેડકા આખું વર્ષ ગુપ્ત જીવનશૈલી જીવે છે અને પ્રજનન માટે બહુ ઓછા સમય માટે બહાર આવે છે. આ પ્રજાતિના નર દેડકા પતંગ ઉડાવીએ ત્યારે નીકળતો કંપનવાળા અવાજથી માદાને બોલાવે છે. આ દેડકાના પાછળના ભાગમાં આંખોની સંરચના જેવા કાળા ધબ્બા હોય છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે આ ધબ્બા શિકારીઓની સામે સુરક્ષાત્મક ભૂમિકા નિભાવે છે.

આવા જીવોના આશ્રયસ્થળો નષ્ટ થઈ રહ્યા હોવાને કારણે પણ ઊભયચર પ્રજાતિઓ પણ વિલુપ્તિ સાથે જોડાયેલા ખતરાનો સામનો કરી રહી છે. આ દેડકાના નિવાસ સંબંધિત જરૂરતો વિશે બહુ મર્યાદિત જાણકારી મળે છે આથી તેને સંબંધિત સ્થળોને સુરક્ષિત કરવામાં આવે તો આ પ્રજાતિને બચાવી શકાય.

સબકા ટાઈમ આયેગા : જોયા

ચોક્કસ લક્ષ્ય સાથે કામ કરવામાં આવે તો સફળતા

જોયા અખ્તરની હાલમાં ભારે ચર્ચા જોવા મળી રહી છે. ગુલ્લી બોયને બોક્સ ઓફિસ પર સારી પ્રતિક્રિયા મળી રહી છે. ત્યારબાદથી જોયા અખ્તર ભારે ચર્ચામાં છે. સેલિબ્રિટી તરીકે તે લોકોને અને યુવા પેઢીને કહેવા માંગે છે કે જો કોઇ લક્ષ્ય પર મક્કમતા સાથે આગળ વધવામાં આવે તો ફાયદો થાય છે. સફળતા ચોક્કસપણે મળે છે. તેમનુ કહેવ છે કે લક્ષ્યાંક પર મક્કમ રહેવામાં આવશે તો સબકા ટાઈમ આયેગા. ડિરેક્ટર તરીકે લક બાય ચાન્સ જોયા અખ્તરની પ્રથમ ફિલ્મ હતી. તેમનુ કહેવુ છે કે સફળતા માટે યોગ્ય અને સફળ વિચારધારા ખુબ જરૂરી છે. સારી સમજ અને વિચારધારા સફળતા અપાવે છે. તેનુ કહેવુ છે કે તેના નાના ભાઇ અને અભિનેતા સાથે કામ કરી ચુકેલા સ્ટેડીકેમ ઓપરેટર દરેક સીન બાદ મંજુરી બાદ ફરહાન અખ્તરની તરફ જોઇ રહ્યો હતો. જ્યારે મોનિટરની પાછળ તે બેઠેલી હતી. તેને તેનુ વલણ બિલકુલ પસંદ પડ્યુ ન હતુ. જેથી જોયાએ આ સ્ટેડીકેમ ઓપરેટરની જોરદાર ઝાટકણી કાઢી દીધી હતી અને કહ્યુ હતુ કે ફિલ્મની નિર્દેશક તે છે ફરહાન અખ્તર નથી. તેની ટિકા કરવામાં આવ્યા બાદ ઓપરેટરે કહ્યુ હતુ કે ખોટુ લગાવવા જેવુ કશુ નથી. તમે મારી બહેન સમાન છો. આના જવાબમાં જોયાએ કહ્યુહતુ કે અહીં તે કોઇની બહેન તરીકે નથી. તે સેટ પર ડાયરેક્ટર તરીકે છે. જો કોઇ પણ કામ કરવુ છે તો તેના માટે તેમની મંજુરી લેવી પડશે. ત્યારબાદ તે આ ગલતિ કરતો એક પણ વખતે દેખાયો ન હતો. જોયા અખ્તર માને છે કે જે કામ તમે કરી રહ્યા છો તે કામમાં સંપૂર્ણ આત્મવિશ્વાસ નજરે પડે તે જરૂરી છે. તેમનુ કહેવુ છે કે અન્યો તેમને તેમના માર્ગ પર લઇને આગળ વધે તે કામ હમેંશા નિષ્ફળતા સર્જે છે. તેનુ કહેવુ છે કે કોઇ સમસ્યાને લઇને કોઇ તારણ પર પહોંચી જતા પહેલા દરેક એંગલથી વિચારણા કરવામાં આવે તે જરૂરી છે. જ્યારે એક ચીજને કેટલાક દ્રષ્ટિકોણથી જોવામાં આવે છે ત્યારે પ્રતિક્રિયાઓનો સામનો કરવાની બાબત સરળ બની જાય છે. એક આડેધડ વિચારધારાની સાથે મંજિલ સુધી પહોંચી શકાય નહી. બલ્કે મંજિલ કાપવામાં પણ તકલીફ આવી શકે છે. તેનુ કહેવુ છે કે તે પોતાની વિચારધારામાં કુલ છે પરંતુ કામને લઇને આક્રમક છે. તેનુ કહેવુ છે કે જે લોકોનુ દિમાગ કુલ હોય છે તે કામને આક્રમકતા સાથે આગળ વધારી શકે છે. તે મોટી મોટી વાતો કરવાની જાળથી દુર રહે છે. તેનુ કહેવુ છે કે ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝ સાથે તે જોડાયેલી છે પરંતુ તે કેટલાક કામો કરી ચુકી છે. જેમાં સહાયક નિર્દેશક, પ્રોડક્શન સહાયક, કાસ્ટિંગ ડાયરેક્ટર, કારોબારી નિર્દેશક, તમામ કામ કર્યા છે. તેનુ કહેવુ છે કે આ તમામ કામના કારણે તે જે બનવા માંગતી હતી તેમાં મદદ મળી છે. તેનુ કહેવુ છે કે તે કોઇ દલીલબાજીમાં પડતી નથી. સાથે સાથે પોતાનુ વલણ દર્શાવીને હટી જાય છે. તેના માટે નિષ્પક્ષતા એક મજબુત પક્ષ તરીકે છે. તે સારી રીતે જાણે છે કે તેના માટે સારુ કામ શુ છે અને ખરાબ કામ શુ છે. તેનુ કહેવુ છે કે પોતાની કુશળતા, કામમાં વિશ્વાસ અને ત્યારબાદ તે કામમાં લાગી રહેવાના કારણે ફાયદો થાય છે. જોયા અખ્તર સ્પષ્ટ રીતે માને છે કે કામને લઇને જો ઝનુન વધે તો કહી શકાય છે કે એક દિન સબકા ટાઇમ આયેગા



બોટાદ એલ.સી.બી.નો ખનીજ ચોરી કરતા તત્વો ઉપર સપાટો



ઢસાના ચોસલા લીંબાળા ગામની કાળુભાર નદીના પટમાંથી ખનીજ ચોરી કરતા ૧૧ ઈસમોને ઝડપી પાડ્યા એક લોડર,ત્રણ ટ્રેક્ટર,બે મોટરસાઈકલ સહીત ૪૨,૨૦,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરાયો

બોટાદ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા દ્વારા ખનીજ ચોરીની પ્રવૃતીને નેસ્ત નાબુદ કરવાની સુચના આપેલ, જે અનુસંધાને બોટાદ એલ.સી.બી.ના પો.ઈન્સ.એચ.આર.ગોસ્વામી તથા એલ.સી.બી. ના હે.કો. રામદેવસિંહ, હે.કો. વનરાજભાઈ, પો.કો. જયપાલસિંહ તથા એસ.ઓ.જી. સ્ટાફના એ.એસ.આઈ. નાગજીભાઈ,પો.કો. ભગીરથભાઈ,પો.કો. હસુભાઈ સહીત સ્ટાફના માણસો ઢસા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલીગ કરી રહ્યા હતા તે દરમ્યાન મળેલ બાતમી આધારે ચોસલા લીંબાળા ગામની સીમમાં આવેલ કાળુભાર નદીના પટમાંથી ગેરકાયદેસર રેતી ચોરી કરતા ગંભીરભાઈ મોતીભાઈ ચૌહાણ ઉ.૩૯ રહે.રાજપીપળા તા.ગઢડા જી.બોટાદ,ભગવાનભાઈ કુંડીબાર વાઘમારે ઉ.૪૨ રહે.ઢસા તા.ગઢડા જી.બોટાદ, બ્રિજરાજસિંહ પ્રવિણસિંહ ગોહીલ ઉ.૨૩ રહે.ગઢાળી તા.ગઢડા જી.બોટાદ,નવઘણભાઈ ઝાલાભાઈ જોગરાણા રહે.ઢાંકણીયા તા.જી. બોટાદ, પરશોતમભાઈ ભીમાભાઈ સતવારા ઉ.૩૧ રહે.ભાટીયા તા.કલ્યાણપુર જી.જામનગર,વલ્લભભાઈ સુરાભાઈ અંબાળીયા ઉ.૫૦ રહે.ગઢાળી તા.ગઢડા જી.બોટાદ,રાજુભાઈ ભીખાભાઈ બારડ ઉ.૨૭ રહે.સાંજણાવદર તા.ગઢડા જી.બોટાદ,મનિષભાઈ મધુભાઈ અઘગામા રહે.અનીડા તા.ગઢડા જી.બોટાદ,જનકભાઈ કેશુભાઈ સિંધવ ઉ.૨૪ રહે.અનીડા તા.ગઢડા જી.બોટાદ,અરવિંદભાઈ બાબુભાઈ વણોદીયા ઉ.૩૫ રહે.માલપરા તા.ગઢડા જી.બોટાદ,રાકેશભાઈ બાબુભાઈ વણોદીયા ઉ.૩૦ રહે.માલપરા તા.ગઢડા જી.બોટાદ તથા સ્થળ ઉપરથી લોડર વાહન નંગ-૧ કી.રૂ.૧૦,૦૦,૦૦૦, ટ્રેકટર ટ્રેલર નંગ-૩ કી.રૂ.૧૫,૦૦,૦૦૦, મોટરસાઈકલ નંગ-૨ કી.રૂ.૨૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૪૨,૨૦,૦૦૦ ના મુદ્દામાલ સાથે અગીયાર ઈસમોને પકડી પાડવામાં આવ્યા તથા રણછોડભાઈ હાદાભાઈ સાનીયા રહે.સાંજણાવદર ભાગી ગયેલ ઉપરોકત તમામ વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ ૪૧(૧)ડી મુજબ કબ્જે કરી ઢસા પોલીસ સ્ટેશન ખાતે સોંપી ધોરણસર કાર્યવાહી કરવામાં આવી હતી

પોરબંદર ક્રીકેટ હોસ્ટેલમાં પ્રવેશ મેળવવાં માટે

ગીર-સોમનાથ જિલ્લાકક્ષાની કસોટી તા. ૨૬ નાં રોજ ગડુ ખાતે યોજાશે

ગીર-સોમનાથ

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા સંચાલીત પોરબંદર ક્રીકેટ હોસ્ટેલમાં પ્રવેશ મેળવવાં માટે ગીર-સોમનાથ જિલ્લાકક્ષાની કસોટી તા. ૨૬-૦૨-૧૯ નાં રોજ સવારે ૦૮:૦૦ કલાકે હેલીપેડ ગ્રાઉન્ડ ગડુ ખાતે યોજાશે.

આ કસોટી માટે ૧૦ થી ૧૫ વર્ષની વયમર્યાદા ધરાવતા ખેલાડી ભાઈઓએ જન્મ તારીખનું ઓરીજીનલ પ્રમાણપત્ર, આધારકાર્ડ તથા ખેલાડીએ પોતાની ક્રીકેટ કીટ સાથે સ્વખર્ચે કસોટી સ્થળે ઉપસ્થિત રહેવું. જિલ્લાકક્ષાની કસોટીમાં પાસ થનાર ખેલાડી રાજયકક્ષાની કસોટીમાં ભાગ લઈ શકશે. બાદમાં રાજયકક્ષાની કસોટીમાં પાસ થનાર ખેલાડીને પોરબંદર ક્રીકેટ હોસ્ટેલમાં પ્રવેશ આપવામાં આવશે. જ્યા વૈજ્ઞાનિક ઢબે નિષ્ણાંત કોચ દ્વારા ખેલાડીઓને તાલીમ આપવામાં આવશે. તેમજ વધુ જાણકારી માટે સિનિયર કોચ કાનજી ભાલીયા મો.૯૪૨૯૦-૦૦૦૪૦ પર સંપર્ક કરવા જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ગીર સોમનાથની યાદીમાં જણાવાયું છે.

સીએની વિદ્યાર્થિની લક્ઝુરિયસ લાઈફ છોડી દીક્ષા લેશે



સુરત

દીક્ષા નગરી મનાતા સુરતમાં ૨૩ વર્ષીય મોક્ષાલી અશ્વિન સોનેથા ૩ માર્ચના રોજ અઠવાલાઈન્સ ખાતે જૈન સંઘમાં દીક્ષા લઈ સાંસારિક મોહમાયાનો ત્યાગ કરશે. ભણવામાં ખૂબ જ હોશિયાર મોક્ષાલી સીએ બનવા માંગતી હતી. અને સીએની ૨ પરીક્ષા પણ એક જ ટ્રાયમાં પાસ કરી લીધી હતી. અને સીએ ફાઈનલની એક્ઝામ માટે દિવસ રાત તૈયારીઓ કરી રહી હતી.

મોક્ષાલીને પોતાની ઉપર એટલો આત્મવિશ્વાસ હતો કે, ફાઈનલ પરીક્ષા તે એક જ ટ્રાયલમાં પાસ કરી લેશે. સીએ ફાઈનલ પરીક્ષાને ગણતરીના ૪ મહિના બાકી હતા અને અચાનક મોક્ષાલીને લાગ્યું કે, સીએ બનીને તેનો આ જન્મમાં કલ્યાણ થઈ જશે. પરંતુ આવનાર જન્મોમાં આ ડિગ્રી તેના કામે લાગશે નહીં. જો તે દીક્ષા લઈ લેશે તો આ જન્મ જ નહીં આવના જન્મમાં પણ તેને મોક્ષની પ્રાપ્તિ થશે અને આજ કારણે તેણે ફાઈનલ એક્ઝામ ન આપવાનો નિર્ણય કર્યો અને દીક્ષા માટે તટસ્થ નિર્ણય લઈ લીધો છે.

ગીર સોમનાથ જિલ્લામાં સરકાર સાથે

સ્વૈચ્છીક સંસ્થાઓના સહયોગથી તા. ૨૫ મે થી સુજલામ સુફલામ યોજનાનો પ્રારંભ થશે

રૂા. ૪૦૬ લાખનાં ખર્ચે ૨૪૯ જેટલા જળસંગ્રહના કામો હાથ ધરાશે

પોરબંદર

ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૫ મે થી સુજલામ સુફલામ જળ અભિયાનનો પ્રારંભ કરાશે. રૂા. ૪૦૬ લાખનાં ખર્ચે જિલ્લામાં વિવિધ સ્થળોએ ૨૪૯ જેટલા જળસંગ્રહના કામો હાથ ધરાશે. જિલ્લા વહિવટીતંત્ર દ્વારા જળસંગ્રહ અભિયાનનું સુચારૂ આયોજન કરાયું છે.

ગીર સોમનાથ જિલ્લામાં જળસંગ્રહ અભિયાનનો પ્રારંભ સુત્રાપાડા તાલુકાના રંગપુર ખાતેથી કરવામાં આવશે. આ પ્રસંગે યોજાનાર ઉદઘાટન સમારોહમાં ગુજરાત મ્યુ. ફાઈનાન્સ બોર્ડના અધ્યક્ષ શ્રી ધનસુખભાઈ ભંડેરી, એસ.ટી. નિગમના અધ્યક્ષ શ્રી બી.એચ. ઘોડાસરા સાંસદશ્રી રાજયસભા ચૂનીભાઈ ગોહેલ, રાજય બિજ નિગમના અધ્યક્ષશ્રી રાજસીભાઈ જોટવા, જિલ્લા કલેકટરશ્રી અજય પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ધર્મેન્દ્રસિંહ રહેવર સહિત અધિકારીઓ-પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

સુજલામ સુફલામ યોજના અંતર્ગત જિલ્લાનાં તળાવો ઉંડા કરવા, ચેકડેમ ઉંડા કરવા તેમજ નહેરોની સફાઈ સહિતનાં જળસંગ્રહના કામો હાથ ધરાશે. સરકાર સાથે સામાજીક સ્વૈચ્છીક સંસ્થાઓ ઉદ્યોગગૃહોનાં સહયોગથી જળ અભિયાનને જનઆંદોલન સ્વરૂપે હાથ ધરાશે.

જમ્મુ-કાશ્મીરમાં લશ્કરની ૧૧૧ પોસ્ટ માટે ૩૫૦૦થી વધારે યુવાનોએ અરજી કરી

શ્રીનગર

૧૪ ફેબ્રુઆરીએ પુલવામામાં લશ્કરી કોન્વોય પર થયેલા આતંકવાદી હુમલા બાદ લશ્કરમાં ભરતી થવા હજારો કાશ્મીરીઓ આગળ આવ્યા છે. નોર્થ કાશ્મીરમાં યોજાયેલા ઈન્ડિયન આર્મી કેમ્પ ખાતે બારામુલ્લા, કુપવારા, બંદીપોર જિલ્લાના યુવાનો આર્મીના ૧૬૧ ટેરિટોરિયલ આર્મી કેમ્પ બહાર નોકરીની અરજી સાથે ઊમટી પડ્યા હતા. ૧૬૧ ટેરિટોરિયલ આર્મી કેમ્પના અધિકારી વૈદ બેનિવાલે ૧૧૧ પોસ્ટ માટે કાશ્મીરના હજારો યુવાનોએ અરજી કરી હોવાનું જણાવ્યું હતું. તેમણે ૩૫૦૦ અરજી આવી ચૂકી હોવાનું અને હજી વધારે અરજી આવી રહી હોવાનું જણાવ્યું હતું.

અરજી કરનારા યુવકોને શારીરિક તપાસ માટે મોકલવામાં આવશે. આર્મી તરફથી જાહેર થયા મુજબ ૧૦ ધોરણ પાસ કરનાર તમામ અરજી કરવા પાત્ર છે. આર્મી પાસે સ્નાતક તથા અનુસ્નાતક યુવાનોની પણ અરજી આવી છે.

કુપવારાના યુવાનને ૩૦ વર્ષની ઉંમર થઈ ગઈ હોવા છતા, સ્નાતક હોવા છતાં હજી સુધી સ્થિર નોકરી નહીં મળી રહી હોવાથી આર્મીમાં અરજી કરી હોવાનું જણાવ્યું હતું. કાશ્મીરમાં રોજગારીના અભાવને પરિણામે યુવાનો પોલીસ અને લશ્કરની સરકારી નોકરીમાં જોડાવા ઉત્સુક હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે પુલવામા એટેકમાં સીઆરપીએફના ૪૦ જવાનોના મૃત્યુ બાદ સમગ્ર દેશના વિવિધ પ્રાંતોમાં અભ્યાસ કરતા કાશ્મીરી યુવાનો લોકોનો રોષનો સામનો કરી રહ્યા છે. ઘણી જગ્યાએ કૉલેજ તથા યુનિવર્સિટી તરફથી તેમને થોડા સમય માટે કાશ્મીર પરત ફરી જવાનું પણ સૂચન કરવામાં આવ્યું હતું.

ગીર-સોમનાથ જિલ્લાનાં ૧ લાખથી વધુ ખેડૂતોને પ્રધાનમંત્રી કિશાન સમ્માન નિધિ યોજનાનો લાભ મળશે

સોમનાથ ખાતે પ્રધાનમંત્રી કિશાન સમ્માન નિધિ યોજનાનો જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાશે

ગીર-સોમનાથ

૨ હેકટરથી ઓછી જમીન ધરાવતા ખેડૂત પરીવારોને દર વર્ષે પ્રધાનમંત્રી કિશાન સમ્માન નિધિ યોજના હેઠળ રૂા. ૬૦૦૦ ત્રણ સમાન હપ્તામાં સહાય આપવામાં આવશે. આ સહાય ખેડૂત પરિવારનાં બેન્ક ખાતામાં સીધી જમા થશે. ગીર-સોમનાથ જિલ્લામાં આ યોજના અંતર્ગત ૧ લાખથી વધુ ખેડૂત ખાતેદારોને લાભ મળશે.

પ્રધાનમંત્રી કિશાન સમ્માન નિધિ યોજનાનો વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ઉત્તરપ્રદેશથી પ્રારંભ કરાવશે. સાથે-સાથે ગીર-સોમનાથ જિલ્લામાં પણ આ યોજનાનો જિલ્લાકક્ષાનો કાર્યક્રમ રામમંદીર હોલ, સોમનાથ ખાતે તા. ૨૪-૦૨-૧૯ નાં રોજ સવારે ૧૦ થી યોજાશે. જેમાં રાજ્ય બિજ નિગમનાં ચેરમેનશ્રી રાજશીભાઈ જોટવા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રૈયાબેન જાલોંધરા, પ્રવાસન નિગમનાં ડિરેકટરશ્રી ઝવેરીભાઈ ઠકરાર સહિત સંસદ સભ્યશ્રી-ધારાસભ્યશ્રી અધિકારીઓ-પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે ખેડૂતોને પ્રધાનમંત્રી કિશાન સમ્માન નિધિ યોજનાની જાણકારી સાથે વડાપ્રધાનશ્રીનાં મનની કી બાત કાર્યક્રમ અને વડાપ્રધાનશ્રીનાં ગોરખપુર ઉત્તરપ્રદેશ ખાતેનાં કાર્યક્રમનુ જીવંત પ્રસારણ પણ કરવામાં આવશે. જિલ્લા વહિવટીતંત્ર દ્વારા સમગ્ર કાર્યક્રમનું સુચારૂ આયોજન કરવામાં આવ્યું છે.









એસટી નિગમે એક લાખ મુસાફરોની ટિકિટ રદ્દ કરી, ૨૫ ટકા પૈસા પણ કાપી લીધા

ગાંધીનગર

ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની બસમાં સલામત મુસાફરી કરવા માટે લોકો ઈન્ટરનેટ દ્વારા વેબસાઈટ પર ઓન-લાઈન ટિકિટ બુક કરાવે છે, તેમાં બસ ડ્રાઈવરો અને કંડક્ટરો દ્વારા બે દિવસની હડતાલ પડતા ઓન-લાઈન બુકિંગ કરાવનારા મુસાફરોના પૈસા અસલામત થયા છે. એકવાંસ – આગોતરી પાકી ટિકિટ લીધી હોય એવા રોજના ૫૨ હજાર જેટલા મુસાફરો હોય છે. જેમની સરેરાશ એક મુસાફર દીઠ રૂ.૨૦૦ની ટિકિટ થાય છે. બે દિવસનું બુકિંગ રદ્દ થતા તમામની ટિકિટના ૨૫ ટકા ચાર્જ વસૂલવામાં આવ્યો છે, જેમની ટિકિટ રૂ.૪૨૦ હતી, તેમની પાસેથી કેન્સલેશન ચાર્જ પેટે રૂ.૧૧૨ કાપી લેવામાં આવ્યા છે.

આમ હડતાલથી બે દિવસમાં આવા એક લાખથી વધુ મુસાફરોએ પોતાની કન્ફર્મ ટિકિટ એસટીએ પોતે રદ્દ કરી છે. મુસાફરે તે રદ્દ નથી કરી અથવા રદ્દ કરવાની ફરજ એસટીના કારણે પડી છે. તેમ છતા એસટીએ આવી ૨૫ ટકા રકમ મુસાફરો પાસેથી કાપી લીધી છે. જે કાપી શકે નહીં.

એસટી નિગમના ઈતિહાસમાં ૧૦ નવેમ્બર ૨૦૧૮માં એક દિવસની કુલ ૬૫,૬૦૦ ટિકિટો બુક થઈ હતી, જેમાં રૂ.૧.૩૧ કરોડના પૈસા આવ્યા હતા. જે તહેવાનોની હતી પણ સામાન્ય દિવસોમાં રોજની ૫૨ હજારથી વધુ ઓન લાઈન બુકિંગ થાય છે. દિવાળીના ૨૦૧૭ના તહેવારોમાં ૮.૨૩ મુસાફરોએ ટિકિટ બુક કરાવી હતી. અત્યારે લગ્ન સિઝન હોવાથી રોજની ૫૨ હજાર ટિકિટ ઓન લાઈન બુક થાય છે. ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા પોતાની બસો ન દોડી હોવાથી આરક્ષણ રદ્દ કર્યું છે. તેથી મુસફરોને ટિકિટના નાણાં તો પૂરેપુરા પરત આપવા પડે પણ સાથે તેઓ મુસાફરી કરી શક્યા નથી તેનું નુકસાન થયું છે તેનું રોકડમાં વળતર આપવું પડે. એવું ગ્રાહક સુરક્ષાનો કાયદો કહે છે. તેથી એવી માંગણી થઈ છે કે કેન્સલેશન ચાર્જ તો પરત આપો જ પણ મુસાફરી કરી શક્યા નથી તેનું આર્થિક વળતર પણ એસટી બસના અધ્યક્ષ આપે.

ક્રિકેટ રમતી વખતે બે જુથો વચ્ચે અથડામણ, ઘટના સીસીટીવીમાં કેદ

સુરત

ઉધનામાં સંજય નગર ઝુપડપટ્ટી પાસે ક્રિકેટ રમતી વખતે થયેલા ઝઘડાના સમાધાન માટે ભેગા થયેલા બે કોમના જુથો ગત રવિવારે સામ-સામે આવી ગયા હતા. ગાળાગાળી થતા લાકડાના ફટકા વગેરેથી હુમલો કર્યા બાદ પથ્થરમારો કરવામાં આવ્યો હતો. જેના સીસીટીવી સામે આવ્યા છે. હાલ પોલીસે સીસીટીવી આધારે વધુ તપાસ હાથ ધરી છે. ગત શનિવારે સંજયનગર ખાડી કિનારે ક્રિકેટ રમતી વખતે કમા અને અન્ય છોકરાઓનો કેટલાક છોકરાઓ સાથેઝઘડોથયોહતો. તેઝઘડાના સમાધાન કરવા માટે રવિવારે સવારેકમો, સનિયોઅનેકમલેશ તથા તેના સમાજના કેટલાક યુવાનો સંજયનગર ઝુપડપટ્ટી પાસે સામેવાળા સદ્દામ, રહેમાન, અફ્ઝુ, લાલા ભૈયા વગેરેહાજર હતા. ત્યારબાદ બંને કોમના લોકો વધી ગયા હતા. વાતચીત દરમિયાન સમાધાન કરવાની જગ્યાએ ઝઘડો વધી ગયોહતો.ત્યારેકમલેશ,સનિયા વગેરે પર સામેવાળાઓએ લોખંડના પાઈપ અને પથ્થરોથી હુમલો કર્યો હતો. તેથી કમલેશ અને તેમના સમાજના લોકોએ પણ સામે પથ્થરમારો કર્યો હતો. તે દરમિયાન કોઈએ પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. પોલીસે બળ પ્રયોગ કરતા લોકોમાં ભાગદોડ મચી ગઈ હતી. આ બાબતે કમલેશ ઘેરાસલાટ (રહે. સંજયનગર ઝુપડપટ્ટી, ઉધના) એ ઉધના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. અને સીસીટીવી આધારે પોલીસ તપાસ હાથ ધરી છે.

હડતાળ પર ઉતરેલા પંચાયત હસ્તકના આરોગ્ય કર્મચારીઓએ રણનીતી ઘડવા વિરમગામમાં મીટીંગ કરી



પંચાયત હસ્તકના આરોગ્ય કર્મચારીઓ ગ્રેડ પે સહીતના પડતર પ્રશ્નોના ઉકેલ માટે હડતાળ ઉપર ઉતર્યા છે

વિરમગામ

અમદાવાદ જીલ્લા પંચાયતનાં વિરમગામ તાલુકાનાં આરોગ્ય કર્મચારીઓની તા.૧૫/૦૨/૨૦૧૯ નાં રોજ થી ચાલતી અચોક્કસ મુદતની હડતાળનાં ભાગરૂપે વિરમગામ ખાતે મીટીંગ કરવામાં આવી હતી. જેના અનુસંધાને તાલુકા કક્ષાએથી આગામી હડતાળ નાં આગળના કાર્યક્રમની યોજના બનાવવામાં આવી હતી અને વિરમગામ તાલુકાની તાલુકા કક્ષાની આરોગ્ય કર્મચારી મહાસંઘની સમિતિ બનાવવામાં આવી હતી. આ ઉપરાંત અમદાવાદ જીલ્લાના વિવિધ તાલુકાના આરોગ્ય કર્મચારીઓ દ્વારા પોતાના સ્થાન પર હડતાળની આગામી રણનીતિ નક્કી કરવામા આવી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે,પંચાયત હસ્તકના મપહેવ, મપહેસુ, ફિહેવ, ફિહેસુ, લેબોરેટરી ટેકનિશીયન, ફાર્માશિષ્ટ સહિતના આરોગ્ય કર્મચારીઓ ગ્રેડ પે સહીતના પડતર પ્રશ્નોના ઉકેલ માટે ૧૫ ફેબ્રુઆરીથી અચોક્કસ મુતદની હડતાળ ઉપર ઉતર્યા છે અને પોતાના કામથી અળગા રહ્યા છે. પંચાયત હસ્તકના આરોગ્ય કર્મચારીઓ ત્રી સ્તરીય માળખાનો અમલ કરો, ૦ કીલોમીટર પીટીએ આપો, મિશન ગ્રેડ પે લઈને જ રહીશુ, મપહેવ કેડરના પ્રશ્નોનુ નિરાકરણ લાવો, ફિહેવ કેડરના પ્રશ્નોનુ નિરાકરણ લાવો, એલટી કેડરના પ્રશ્નોનુ નિરાકરણ લાવો, ફાર્મશિષ્ટ કેડરના પ્રશ્નોનુ નિરાકરણ લાવો જેવા મુદ્દાઓના ઉકેલમાં પંચાયત હસ્તકના આરોગ્ય કર્મચારીઓ દ્વારા માંગણી કરવામાં આવી રહી છે. તેમ અમદાવાદ જીલ્લાના પંચાયત હસ્તકના મપહેવ, મપહેસુ, ફિહેવ, ફિહેસુ, એલટી, ફાર્માસીસ્ટ સહિતના આંદોલન સાથે જોડાયેલા આરોગ્ય કર્મચારીઓએ જણાવ્યુ હતુ.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ રૂ.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ–૧૪
(તા.૦૩–૦૨–૨૦૧૯ થી ૧૭–૦૨–૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂ.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ–૧૪
(તા.૦૫–૦૨–૨૦૧૯ થી ૧૮–૦૨–૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ–કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂ.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ–૧૨
(તા.૨૦–૦૨–૨૦૧૯ થી ૦૫–૦૩–૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા–નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા–જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય ત્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

સૂરત શહર કે લોહે કે સબસે પુરાને, પ્રતિષ્ઠિત વ્યાપારી
ESSAR 24 CARAT STEEL
BALBIR
લોહે કે ગડર, ચેનલ, ઐંગલ, પ્લેટ, એચ.આર.–સી.આર.–ગેલ્વેનાઇજ શીટ, પટ્ટી, પાટા, બાંધકામ કે T.M.T. બાર, બ્રાઇટ બાર, પાઈપ એવં લોહે કી પ્રત્યેક આઇટમ કે 45 વર્ષ સે વિશ્વસનીય વ્યાપારી
સેલ SAIL
શાહ એન્ડ કંપની
JINDAL
રોડ નં.15, ઉધોગનગર, ઉધના, સૂરત.
Ph.: 2277137/2279627 M. 9374718583. શૈલેષ બાફના

TEXMO
Aqua Group
TEXMO
AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
Madhivala LINIMENT
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

meriko
ફ્લેટ – બંગલા – ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
કુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર – લેમીનેટ – M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩–૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત–૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઇપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

મૃતકોમાં મહિલાઓનો પણ સમાવેશ

આસામમાં ઝેરી દારૂ પીવાથી ૯૩ લોકોના મોતઃ મૃત્યુઆંક વધવાની સંભાવના



ગૌહાટી

આસામના ગોલાઘાટ જિલ્લામાં એક ચાના બગીચામાં ઝેરી દારૂ પીવાથી ૯૩ લોકોનાં મોત થયા છે. જ્યારે અન્ય ઘણાં લોકોની સ્થિતિ ગંભીર છે જેમને ગોલાઘાટ સિવિલ હોસ્પિટલમાં અને જોરહાટ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કર્યા છે. મરનાર લોકોનાં આંકડા વધવાની શક્યતા છે.

સ્થાનિક લોકોએ જણાવ્યું કે આ ઘટના ગુરુવારે સાંજે સલમારા ચાનાં બગીચામાં થઈ હતી. જ્યાં કાચો દારૂ પીવાથી ચાર મહિલાઓની મોત થઈ ગઈ હતી. જે પછી મૃતકોનો આંકડો વધતો વધતો ૬૬ સુધી પહોંચી ગયો છે.

ભાજપના ધારાસભ્ય મૃનાલ સાઈકિઆએ જણાવ્યું હતું કે ગુરૂવાર રાતે સલમારા ટી ગાર્ડનમાં કામ કરતા ૧૦૦થી વધુ મજૂરોએ ઝેરી દારૂ ગટગટાવ્યો હતો. આ તમામ લોકોએ એક જ વ્યકિત પાસેથી દારૂ ખરીદ્યો હતો.આ ઘટનાના સંદર્ભમાં પોલીસે બે વ્યકિતની ધરપકડ કરી છે. આસામના મુખ્યપ્રધાન સોનોવાલે આ ઘટનાની તપાસના આદેશ આપી દીધા છે. અઆ જિલ્લાના બે એક્સાઈઝ અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

ગોલાઘાટ સિવિલ હોસ્પિટલમાં જ્યારે બિમાર લોકોને લાવવામાં આવ્યા ત્યારે જ ડોક્ટરોને ૧૨ લોકોને મૃત જાહેર કર્યા હતાં. થોડા સમય પછી વધુ ત્રણ અને શુક્રવારના રોજ વધુ ૧૫ લોકોનાં મોત થયા હતાં.

એસટીની એપ્રેન્ટીસ ભરતીની કાર્યવાહી હાલ પૂરતી મોકૂફ

વડોદરા

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ ધ્વારા વડોદરા વિભાગના જુદાં જુદાં એકમોમાં નિયત ટ્રેડમાં NCVT આઇટીઆઇ પાસ કરનારા લાયકાત ધરાવતા એપ્રેન્ટીસોને અરજી પત્રક આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. અનિવાર્ય સંજોગોને અનુલક્ષીને તે હાલ પૂરતી મોકૂફ રાખવામાં આવી છે તેમ વિભાગીય નિયામકની યાદીમાં જણાવાયુ છે.

નામ બદલવાના ગેઝેટ દરોમાં ફેરફાર કરાયો

વડોદરા

રાજયના નાગરિકોને અટક, જન્મતારીખ અને નામ બદલવાની પ્રક્રિયા એક માત્ર રાજકોટ ખાતેની સરકારી પ્રેસ ખાતે જ કરવામાં આવે છે. ત્યારે આ સંબંધની નોટિસ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવાના દરોમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ નામ, અટક અને જન્મતારીખ બદલવવાની નોટિસનો રાજયપત્રમાં પ્રસિધ્ધનો દર સામાન્ય વર્ગ માટે રૂ.૧૦૦ માંથી રૂ.૨૦૦ કરવામાં આવ્યો છે. જ્યારે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે રૂ.૬૦ માંથી રૂ.૧૨૦ કરવામાં આવ્યો છે. જેની નોંધ લેવા મેનેજરશ્રી સરકારી પ્રેસ-રાજકોટની યાદીમાં જણાવાયું છે.

અજાણ્યા પુરુષનું મરણ

વડોદરા

અંદાજે ૪૫ વર્ષની ઉંમરના અજાણ્યા પુરુષનું તા.૧૪/૦૨/૨૦૧૯ની રાત્રે વાઘોડીયા તાલુકાના જરોદ ગામના સામુદાયિક આરોગ્ય કેન્દ્ર ખાતે મરણ થયું હતું. મૃતક સાધારણ ઈજાગ્રસ્ત હાલતમાં હતો. તેણે અડધી બાંયનુ સફેદ બનિયન અને ભૂરા રંગનુ જુનુ જીન્સ પહેર્યુ હતું. તેના વાલી વારસોને સત્વરે વડોદરા જિલ્લા પોલીસ નિયંત્રણ કક્ષનો(ફોન નં.૦૨૬૫-૨૪૨૩૭૭૭/૨૪૨૩૮૮૮) સંપર્ક કરવા જણાવાયુ છે.

મૃતકના વાલીવારસો સંપર્ક કરે

વડોદરા

વાઘોડીયા તાલુકાના ચંપાલીયાપુરા ગામના બસ સ્ટેન્ડ પાસેની રવાલ ચોકડી ખાતેથી તા.૦૬/૦૨/૨૦૧૯ના રોજ અંદાજે ૨૫ વર્ષની ઉંમરના અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકે કાળા, સફેદ અને જામલી રંગના, આડા પટ્ટાવાળુ ટીશર્ટ અને જામલી રંગનો ચડ્ડો પહેર્યો છે. તેના વાલીવારસોને સત્વરે વડોદરા જિલ્લા પોલીસ નિયંત્રણ કક્ષ(ફોન નં.૦૨૬૫-૨૪૨૩૭૭૭/૨૪૨૩૮૮૮)નો સંપર્ક કરવા જણાવાયુ છે.

જલિયાવાલા બાગ હત્યાકાંડને ૧૦૦ વર્ષ પુરા થશે ત્યારે

પંજાબનાં ૧૩૦૦૦ ગામોમાંથી માટી ભેગી કરી જલિયાવાલા બાગનું સ્મારક બનાવાશે

(જી.એ.એ) અમૃતસર,તા.૨૩

જલિયાવાલા બાગ હત્યાકાંડને ૧૦૦ વર્ષ પુરા થશે ત્યારે પંજાબનાં ૧૩૦૦૦ ગામડાઓમાંથી માટી ભેગી કરી જલિયાવાલા બાગ ખાતે સ્મારક બનાવવામાં આવશે. આ કાર્યક્રમ પંજાબની સરકાર દ્વારા કરવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રી કાર્યાલયથી જે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ છે તે મુજબ રુરલ ડેવલેપમેન્ટ વિભાગને આ કામગિરી સોંપવામાં આવી છે અને પંજાબનાં દરેક ગામડામાંથી માટી એકત્ર કરવામાં આવશે અને એ પછી જલિયાવાલા બાગ ખાતે સ્મારક બનાવવામાં આવશે.

મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દર સિંઘે અમૃતસરનાં નાયબ કમિશ્નરને કહ્યુ છે કે, શહેરમાં એવી જગ્યા શોધી પાડવામાં આવે કે જ્યાં આ સ્મારકનું નિર્માણ કરી શકાય. મુખ્યમંત્રીએ સાંસ્કૃતિ અને પ્રવાસન વિભાગને પણ આ કામમાં જોતર્યુ છે. અમૃતસરમાં કલ્ચરલ હેરિટેઝ ટ્રસ્ટ દ્વારા અમૃતસરમાં પાર્ટિશન મ્યુઝિયમ બનાવવામાં આવ્યુ છે.

મુખ્યમંત્રીએ સાંસ્કૃતિ વિભાગનાં પ્રિન્સિપલ સેક્રેટરીને જણાવ્યું છે કે, તેઓ સંબધિત વિભાગો સાથે સંકલન સાધીને એવી વ્યવસ્થા ગોઠવે કે જેથી લોકો જલિયાવાલા બાગના શહિદોને શ્રદ્ધાજંલિ આપી શકે. ગૃહ વિભાગને સૂચના આપવામાં આવી છે કે, આ માટે યોગ્ય સુરક્ષાની વ્યવસ્થા કરવામાં આવે.

૨૦૧૪માં વડાપ્રધાને અચ્છે દિન આનેવાલે હૈ નારાને દેશમાં ગૂંજતો કરી દીધો હતો

કોંગ્રેસે આગામી ચૂંટણીના નારા માટે ૧૫ લાખ કાર્યકરો પાસે સૂચનો માંગ્યા

દિલ્હી

લોકસભાની આગામી ચૂંટણીમાં પીએમ મોદીને હરાવવા માટે કયો નારો હોવો જોઈએ તેનુ સૂચન કોંગ્રેસ દ્વારા કાર્યકોર પાસે માંગવામાં આવ્યુ છે. એક કોંગ્રેસી આગેવાને કહ્યુ હતુ કે કોંગ્રેસનો આગામી ચૂંટણી માટે કયો નારો હશે તેના સૂચનો કાર્યકરો પાસે મંગાવવાની કવાયત ૨૦ ફેબ્રુઆરીથી શરુ કરી દેવાઈ છે.

રાજકીય પાર્ટીઓ માટે મતદારોને આકર્ષવા માટે ચૂંટણી નારો બહુ મહત્વનો સાબીત થતો હોય છે. જેમ કે ૧૯૭૧માં કોંગ્રેસે ×ગરીબી હટાવો× નારાનો ઉપયોગ કર્યો હતો.૨૦૧૪માં પીએમ મોદીએ ×અચ્છે દિન આનેવાલે હૈ× નારાને આખા દેશમાં ગૂંજતો કરી દીધો હતો. હવે કોંગ્રેસ આ જ પ્રકારનો અસરકારક નારો પસંદ કરવા કાર્યકરોની સલાહ લઈ રહી છે.આ માટે ૩૯૩ લોકસભાના ૧૫ લાખ કાર્યકરોના ફીડબેક લેવામાં આવી રહ્યા છે. મળતી જાણકારી પ્રમાણે કોંગ્રેસ કાર્યકરો પાસેથી જે નારા મળી રહ્યા છે તેમાંથી ૬૮૦૦ નારાને શોર્ટ લિસ્ટ પણ કરાયા છે.જેમાંથી ૧૦ થી ૧૨ સ્લોગનને ચૂંટણી પ્રચાર પહેલા અંતિમ સ્વરુપ આપવા ચર્ચા થશે.જે સ્લોગન કાર્યકરોએ આપ્યા છે તેમાં ×આપ કે સાથ×, ×યુગ કી આવાજ× જેવા સ્લોગનનો પણ સમાવેશ થાય છે.

બ્લૂમબર્ગ બિલેનિયર ઈન્ડેક્સમાં મુકેશ અંબાણી ૧૨મા ક્રમે,નેટવર્થ ૪૮ અબજ ડોલર

દુનિયાના ૫૦૦ અમીરોમાં ૧૯ ભારતીયો, ટોપ-૧૦માં એક પણ નહિ



ન્યુ દિલ્હી

દુનિયાના ૫૦૦ સૌથી વધુ અમીર લોકોમાં કુલ ૧૯ ભારતીયો છે. પરંતુ ટોપ-૧૦માં કોઈ નથી. બ્લૂમબર્ગ બિલેનિયર ઈન્ડેક્સમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી પણ ૧૨માં ક્રમે છે. તેમની નેટવર્થ ૪૮ અબજ ડોલર (૩.૪૦ લાખ કરોડ) છે.

બ્લૂમબર્ગ બિલેનિયર ઈન્ડેક્સ દુનિયાના ૫૦૦ અમીરોનું રેંકિંગ દર્શાવે છે. જે રોજ અમેરિકન શેરબજાર બંધ થયા પછી નેટવર્થના આધારે નક્કી થાય છે.

ગૂગલની પેરેન્ટ કંપની અલ્ફાબેટના પ્રેસિડન્ટ સર્ગે બ્રિનની નેટવર્થ ૫૩.૨ અબજ ડોલર (૩.૭૭ લાખ કરોડ) છે. બિલેનિયર ઈન્ડેક્સમાં તેઓ ૧૦માં નંબરે છે. મુકેશ અંબાણીની નેટવર્થમાં રૂ. ૩૭,૦૦૦ કરોડનો વધારો થશે ત્યારે તેઓ બ્રિનને બરાબર પહોંચશે.

જુલાઈ ૨૦૧૮માં મુકેશ અંબાણી એશિયાના સૌથી વધુ અમીર વ્યક્તિ બન્યા હતા. તેમણે ચીનની સૌથી મોટી ઈ-કોમર્સ કંપનીના અલીબાબા ફાઉન્ડર અને ચેરમેન જેક માને પાછળ મૂકી દીધા હતા. બ્લૂમબર્ગ બિલેનિયર ઈન્ડેક્સમાં જેકમાં હાલ ૧૯માં ક્રમે છે. તેમની નેટવર્થ ૪૧.૬ અબજ ડોલર (રૂ. ૨.૯૫ લાખ કરોડ) છે. તેઓ ચીનના સૌથી વધુ અમીર વ્યક્તિ છે.

બિલેનિયર ઈન્ડેક્સમાં મુકેશ અંબાણી પછી વિપ્રોના ચેરમેન અઝીમ પ્રેમજી બીજા ક્રમના સૌથી વધારે ભારતીય છે. તેમની રેંક ૪૬મી અને નેટવર્થ ૧૯.૩ અબજ ડોલર (૧.૩૭ લાખ કરોડ રૂપિયા) છે. ત્યારપછી આર્સેલર મિત્તલ સ્ટીલના ચેરમેન લક્ષ્મી મિત્તલનો નંબર આવે છે. ઈન્ડેક્સમાં ૮૦માં નંબરમાં સામેલ મિત્તલની કુલ નેટવર્થ રૂ. ૧.૦૫ લાખ કરોડ છે. એચસીએલના ફાઉન્ડર શિવ નડાર ૮૫માં ક્રમે છે અને તેમની કુલ નેટવર્થ ૧.૦૨ લાખ કરોડ છે.

આ કોરિડોરમાં દિલ્હી-મુંબઈ,દિલ્હી કોલકાત્તા,દિલ્હી અમૃતસરનો સમાવેશ

હાઈસ્પીડ ટ્રેન માટે ૬ હજાર કિમી લંબાઈવાળા ૧૦ નવા કોરિડોર બનાવવાની વિચારણા

ન્યુ દિલ્હી

ભારતીય રેલવે પોતાના વ્યાપક વિસ્તારની એક યોજના ઉપર કામ કરી રહ્યું છે. ફ્રેટ કેપેસિટીને બમણી કરતાં પણ વધુ કરવાની સાથે જ હાઈસ્પીડ ટ્રેન માટે લગભગ ૬૦૦૦ કિલોમીટર લંબાઈવાળા ૧૦ નવા કોરિડોર બનાવવા પર વિચારણા ચાલી રહી છે.

રેલવેએ કેબિનેટને એક પ્રસ્તાવ મોકલ્યો છે. આ પ્રસ્તાવમાં ૧૦ સંભવિત બુલેટ ટ્રેન કોરિડોર માટે ફિઅેસિબિલિટી સ્ટડી તથા એક વિસ્તૃત પરિયોજના તૈયાર કરવાની મંજૂરી માગવામાં આવી છે. આ કોરિડોર્સમાં દિલ્હી-મુંબઈ, દિલ્હી-કોલકત્તા, દિલ્હી-અમૃતસર, પટણા-કોલકત્તા અને ચેન્નાઈ-બેંગ્લોર સામેલ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ પરિયોજનાઓના ક્રિયાન્વયનમાં ૧૦ વર્ષનો સમય લાગશે જેમાં અંદાજે ૧૦ લાખ કરોડ રૂપિયાના રોકાણની જરૂર પડશે. એક સૂત્રના જણાવ્યા મુજબ આ યોજના અત્યારે પ્રારંભીક તબક્કામાં છે. હાલના સમયમાં માત્ર એક હાઈસ્પીડ કોરિડોર અમદાવાદ-મુંબઈ ઉપર કામ ચાલી રહ્યું છે.

યોજનાથી વાકેફ સૂત્રોના જણાવ્યા અનુસાર રેલવેનું ધ્યાન હાલના ૧.૨ લાખ કિલોમીટર લાંબા રેલવે નેટવર્કમાં ૧૭,૦૦૦ કિલોમીટર લાંબા નેટવર્કને જોડવા ઉપર છે જેમાં પાંચ લાખ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ થશે અને તેનું ફન્ડીગ બજેટ ઉપરાંત કરજથી થશે.







વિધાનસભા ખાતે મહાગુજરાતના પ્રણેતા શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકની જન્મ જયંતી નિમિત્તે

વિધાનસભા અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રી તેમજ નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા પુષ્પાંજલિ અપાઈ



મહાગુજરાત અને પ્રજાકીય આંદોલનના પ્રણેતા શ્રી ઈન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિકની તારીખ ૨૨મી ફેબ્રુઆરીના રોજ ૧૨૮મી જન્મ જયંતી નિમિત્તે વિધાનસભા પોડિયમમાં આવેલા તેમના ભવ્ય તૈલચિત્રને વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ તેમજ વિપક્ષના દંડક શ્રી શૈલેષભાઈ પરમાર દ્વારા ભાવસભર પુષ્પાંજલિ આપવામાં આવી હતી. ઈન્દુચાચાના હુલામણા નામથી ઓળખાતા અને પત્રકાર તરીકે કારકિર્દીનો પ્રારંભ કરનાર શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકના જન્મદિવસના આ પ્રસંગે મંત્રીમંડળના સર્વે મંત્રીશ્રીઓ, વિધાનસભાના સર્વે ધારાસભ્યશ્રીઓ, વિધાનસભાના સચિવ શ્રી, અધિકારીઓ, સ્ટુડન્ટ પોલીસ કેડેટ તેમજ માણેકબા પ્રાથમિક શાળા, અડાલજના વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહીને તેમના તૈલચિત્રને પુષ્પ અર્પણ કર્યા હતા.

પીએમ કિસાન યોજનાના ચાર રાજ્યકક્ષાના કાર્યક્રમો પૈકી એકનું વડોદરામાં આયોજન

આજે શિક્ષણમંત્રીશ્રી અને વન મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં વરણામા ત્રિમંદિર ખાતે લાભાર્પણ કાર્યક્રમ યોજાશે
કાર્યકારી જિલ્લા કલેકટરશ્રી અમૃતેશ ઔરંગાબાદકરે સુચારૂ કાર્યક્રમ આયોજનનુ માર્ગદર્શન આપ્યુ

વડોદરા

આજે રાજયમાં રાજય, જિલ્લા અને તાલુકા કક્ષાના પીએમ કિસાન યોજનાના લાભાર્પણ કાર્યક્રમો રાખવામાં આવ્યા છે. રાજયમાં ચાર જગ્યાઓએ રાજયકક્ષાના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે જે પૈકી એક કાર્યક્રમનું આયોજન વડોદરા તાલુકાના વરણામા ગામે ત્રિમંદિર ખાતે રાજયના શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા અને વન અને પર્યાવરણ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાના માર્ગદર્શન હેઠળ વડોદરા જિલ્લા પ્રશાસન ધ્વારા કૃષિ વિભાગના સહયોગથી કરવામાં આવ્યુ છે. તા.૨૪/૦૨/૨૦૧૯ના રોજ સવારના દશ વાગે આ કાર્યક્રમ શરૂ થશે જેમાં જિલ્લાના આ યોજનાનો લાભ મેળવનારા નાના અને સીમાંત ખેડૂત ખાતેદારો ભાગ લેશે.

કાર્યકારી જિલ્લા કલેકટરશ્રી અમૃતેશ ઔરંગાબાદકરે આજે આ કાર્યક્રમની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી હતી તથા સુચારૂ કાર્યક્રમ આયોજનનું વિગતવાર માર્ગદર્શન આપ્યુ હતું. ઉલ્લેખનીય છે કે પીએમ કિસાન યોજનાએ ભારત સરકારની બે હેકટર સુધીની જમીન ધરાવતા નાના-સીમાંત ખેડૂતોને આર્થિક પીઠબળ આપવાની યોજના છે જેના હેઠળ ત્રણ તબક્કામાં વાર્ષિક રૂ. ૬ હજારની આર્થિક સહાય લાભાર્થી ખેડૂતોના બેંક ખાતામાં ડીબીટી ધ્વારા સીધેસીધી જમા કરવામાં આવશે. વડોદરા જિલ્લામાં આ યોજનાનુ અમલીકરણ યુધ્ધના ધોરણે હાથ ધરાયું છે અને અત્યાર સુધીમાં લાભ મેળવવાને પાત્ર ૧.૦૭ લાખથી વધુ ખેડૂત ખાતેદારોની ઓળખ કરીને, ઓનલાઈન અરજીઓની ડેટા એન્ટ્રી કરી દેવામાં આવી છે.

રવિવારના કાર્યક્રમમાં લાભાર્થી ખેડૂતોને યોજનાનું વિગતવાર માર્ગદર્શન આપવામાં આવશે તથા આ પ્રસંગે પ્રધાનમંત્રીશ્રીના મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. રવિવારે પ્રધાનમંત્રીશ્રી ઉત્તર પ્રદેશના ગોરખપુરમાં પીએમ કિસાનનું રાષ્ટ્રવ્યાપી લાભાર્પણ કરશે. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ પણ દર્શાવવામાં આવશે.

મનીષા ઓવરબ્રિજનું કામ અંતિમ તબક્કામાં, આઠ લાખ લોકોને લાભ થશે



સુરત

ઉત્રાણ અને અમરોલીને જોડતાં મનીષા ગરનાળા પરના રેલ્વે ફલાય ઓવર બ્રિજનું કામ બે વર્ષમાં પૂર્ણ કરવાની શરતે ઈજારેદારને આપવામાં આવ્યું હતું. અનેક કારણોસર ઓવર બ્રિજના કામને પૂર્ણ કરવામાં લગભગ ત્રણ ગણો એટલે કે છ વર્ષનો સમય લાગી ગયો છે. હાલ તેનું કામ અંતિમ તબક્કામાં પહોંચ્યુ છે ત્યારે સંભવતઃ આ ઓવર બ્રિજનું આવતાં સપ્તાહમાં લોકાર્પણ કવામાં આવે તેવી સંભાવના વ્યક્ત થઈ રહી છે. અમરોલી તરફથી ઉત્રાણ, કાપોદ્રા, નાના વરાછા,મોટા વરાછા, સરથાણા, સીમાડા, કામરેજ અને નેશનલ હાઈવે નં-૮ પર સીધા જ જવાની સુવિધા શહેરના છેવાડાના વિસ્તારો જેવા કે ઓલપાડ, જહાંગીરપુરા, કોસાડ વગેરે વિસ્તારના લોકોને મળી શકે તેમ છે.

અમરોલી ઉત્રાણને જોડતાં બ્રિજનો લાભ લગભગ ૮થી ૧૦ લાખ લોકોને અસર કરતો હોવાથી તેનું કામ ઝડપથી પૂર્ણ થાય અને ઓવર બ્રિજનુ જલ્દીથી લોકાર્પણ થાય તેવી માંગ વારંવાર પ્રજામાંથી અને નગરસેવકો દ્વારા ઉઠવા પામી હતી. કોંગ્રેસના નગરસેવક દિનેશ કાછડિયા દ્વારા તો આ ઓવર બ્રિજના કામના મુદ્દે ઈન્સ્પેક્શન પણ માંગવામાં આવ્યું હતું. આમ છતાં બે વર્ષમાં પૂર્ણ થનારા આ ઓવર બ્રિજના કામને પૂર્ણ થવામાં છ વર્ષ લાગી ગયા. અત્યાર સુધીમાં અનેક લોકોએ આ બ્રિજનો મુદ્દો રાજકીય પણ બનાવી દીધો હતો. હજુ પણ આ ઓવર બ્રિજના લોકાર્પણ પૂર્વે કેટલાક તકવાદી રાજકારણીઓ ફાયદો ઉઠાવવા દોડી રહ્યાં હોવાની વાત સ્થાનીક લોકોમાંથી જાણવા મળે છે.

જૂનાગઢ કલેકટર કચેરી ખાતે વી.વી.પેટ મશીનનુ નિદર્શન રખાયુ

જૂનાગઢ

આગામી લોકસભા-૨૦૧૯ની સામાન્ય ચુંટણીમાં લોકો લોકશાહીનાં પર્વ ચુંટણી પ્રકિયામાં સહભાગી બને અને મતદાન પારદર્શક પ્રકીયાથી માર્ગદર્શન મેળવી વાકેફ થાય તે હેતુ, જૂનાગઢ કલેકટર કચેરી ખાતે મતદારોને જાણકારી મળી રહે તે હેતુ વી વી પેટ મશીનનું નિદર્શન રાખવામાં આવેલ છે. તાજેતરમાં જિલ્લા ચુંટણી અધિકારી અને જિલ્લા કલેકટરશ્રી ડો. સૌરભ પારઘી અને જિલ્લા વિકાસ અધીકારીશ્રી પ્રવિણ ચૌધરીએ વિવીપેટ નિદર્શન કામગીરીની મુલાકાત લીધી હતી.

બીજી 'વંદે ભારત' એક્સપ્રેસ ટ્રેન ૧૫ એપ્રિલથી શરૂ થશે

ન્યુ દિલ્હી

દેશની બીજી સેમી હાઈસ્પીડ ટ્રેન 'વંદે ભારત એક્સપ્રેસ' (ટી-૧૮) ૧૫ એપ્રિલ સુધીમાં પાટા ઉપર દોડવા લાગશે. પહેલી ટ્રેન ૧૫ ફેબ્રુઆરીથી દિલ્હી-વારાણસી વચ્ચે ચલાવવામાં આવી રહી છે.

રેલવેના એક અધિકારીના જણાવ્યા મુજબ બીજી રેક ૧૦થી ૧૫ દિવસમાં જ બનીને તૈયાર થઈ જશે પરંતુ ટ્રેનનું પરિચાલન ૧૫ એપ્રિલથી શરૂ થઈ શકશે. પહેલાં ૩૧ માર્ચ સુધી બે ટી-૧૮ ટ્રેન ચલાવવાનો લક્ષ્યાંક નક્કી કરાયો હતો. રેલવે બોર્ડના સભ્ય રોલિંગ સ્ટોક રાજેશ અગ્રવાલે જણાવ્યું કે નવી ટ્રેનમાં બારીઓને ઢાંકવા ઉપર પણ વિચાર ચાલી રહ્યો છે કેમ કે તાજેતરમાં થયેલી પથ્થરમારાની ઘટનાઓને ધ્યાનમાં રાખીને ટ્રેન અને યાત્રિકોને ખતરો રહેલો છે. તેમણે કહ્યું કે મિની પેન્ટ્રીકારમાં ભોજન રાખવાની જગ્યા પણ વધારવામાં આવી રહી છે કેમ કે ટ્રેનમાં ખાનપાન સેવા પૂરી પાડનારી કંપની આઈઆરસીટીસીએ મિની પેન્ટ્રીકારમાં જગ્યા ઓછી હોવા ઉપર વાંધો વ્યક્ત કર્યો હતો.

તેલંગાણા સરકાર ૧ લાખ સુધીની ખેડૂતોની લોન માફ કરશે..!!

હૈદરાબાદ

લોકસભાની ચૂંટણીઓ જેમ-જેમ નજીક આવી રહી છે તેમ-તેમ દરેક રાજકીય પક્ષ ખેડૂત વર્ગ અને જાહેર જનતાને આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેલંગાણાની રાજ્ય સરકારે પણ ખેડૂતોની રૂ.૧ લાખ સુધીની કૃષિ લોન માફ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. રાજ્યના મુખ્યમંત્રી કે. ચંદ્રશેખર રાવે વર્ષ ૨૦૧૯-૨૦ માટેના લેખાનુદાન બજેટ રજૂ કરતી વખતે કહ્યું કે, ખેડૂતોની રૂ.૧ લાખ સુધીની કૃષિ લોન માફ કરવા માટે રૂ.૬ હજાર કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તેમની પાર્ટી તેલંગાણા રાષ્ટ્ર સમિતિ એ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી પહેલા કૃષિ લોન માફ કરવાનું વચન આપ્યું હતું. તે ઉપરાંત સરકારે રાયતુંબંધુ યોજના હેઠળ ખેડૂતોને આપવામાં આવતી નાણાંકીય સહાયતા પણ વધારવાની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ હાલ ખેડૂતોને દર વર્ષે આઠ હજાર રૂપિયા આપવામાં આવે છે જે હવે વધારીને રૂ.૧૦ હજાર કરવામાં આવ્યાં છે. ઉપરાંત રાજ્ય સરકારે જરૂરિયાત વાળા લોકોને દર મહિને રૂ. ૩૦૧૬ બેરોજગારી ભથ્થા પેટે આપવાનું પણ નક્કી કર્યું છે. વૃદ્ધો, વિધવાઓ, અપરિણીત મહિલાઓ, બીડી બનાવતા કારીગરો, ફિલારિયારિસના દર્દીઓ, હસ્તકલાના કારીગરો વગેરેને મળતી આસરા પેન્શનની યોજનાની માસિક રકમ રૂ.૧ હજારથી વધારીને રૂ. ૨૦૧૬ અને દિવ્યાંગોનું માસિક પેન્શન પણ રૂ.૧૦૦૦થી વધારીને રૂ.૩૦૧૬ કરવાની જાહેરાત કરી છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્સનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
● જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
● એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
● જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
● એક જ કેમ્પસમાં ૩૭ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
● સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ ક્લાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
● હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
● જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.
સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

For ALL SEASONS & ALL OCCASIONS
Treat Resort SILVASSA
24 acres of sheer luxury
Treat Water Park
A mind-blowing leisure spot
• 24 Acres Landscaped Gardens
• 194 Luxurious Rooms • Water Park
• Colorful Fountains • Wellness Spa
• Cricket/ Football Indoor Games
• Entertainment Programs
• 8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.
: SURAT :
0261-2336676, +91-9824124900

EXCLUSIVE BRANDED BEDSHEETS
✦ સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
✦ વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
✦ લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
✦ સોલાપુરી ચાદર/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
✦ લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
✦ સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
✦ લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
✦ એક્સક્લુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
✦ હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
✦ શેતરંજી ✦ આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકૂંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૭-૨૪૨૫૧૦૨

રાજપીપળા ડેપો માંથી મળેલ

માનસિક બિમાર યુવાનનું રાજપીપળા પોલીસે પરિવાર સાથે મિલન કરાવી ઉમદા કાર્ય કર્યું



રાજપીપળા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અ. પો.કો જીતેન્દ્રભાઈ રાયસિંગભાઈ બ.નં.૬૯૩ નાઓ નાઈટમાં પેટ્રોલિંગમાં હાજર હતા દરમ્યાન રાજપીપળા બસ ડેપો વિસ્તારમાંથી એક અજાણ્યો યુવાન મળી આવેલ જેનું નામ ઠામ પૂછતા તેણે પોતાનું નામ કિરણભાઈ કાન્તીભાઈ પટેલ રહે.ગોલાવ તા.ગોધરા જી.પંચમહાલ નો હોવાનું જણાવેલ અને પૂછપરછ કરી તેના ઘરનો મોબાઈલ નંબર મેળવી જાણ કરતા સદરહુ કિરણભાઈ માનસિક અવ્યસ્થ હોવાનું અને ઘરેથી ક્યાંક જતો રહેલ હોવાનું તથા તેના ઘરના સભ્યો તેની શોધ ખોળ કરતા હોવાનું જાણવા મળતા આ માનસિક અવ્યસ્થ કિરણભાઈને રાજપીપળા પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવેલ અને તેના ઘરના સભ્યો આવતા તેના પરિવાર સાથે મિલન કરાવી રાજપીપળા પોલીસ સ્ટેશનમાં રાજપીપલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અ. પો.કો જીતેન્દ્રભાઈ રાયસિંગભાઈ બ.નં.૬૯૩ તથા જી.આર.ડી મહંમદભાઈ બશીર ભાઈએ ઉમદા કાર્ય કરી માનવતાના દર્શન કરાવ્યા હતા.

આજે વલસાડ સિવિલ ખાતે કિસાન સન્માન નિધિ યોજના શુભારંભનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાશે

વલસાડ

કેન્દ્ર સરકાર દ્વારા નાના અને સીમાંત ખેડૂત પરિવારની ન્યૂનતમ આવક સુનિશ્ચિત કરવા માટે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અમલી બનાવી છે. જેનો અમલ વર્તમાન નાણાંકીય વર્ષથી શરૂ કરવાના હેતુસર પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી તા.૨૪/૨/૧૯ના રોજ ઉત્તરપ્રદેશના ગોરખપુર ખાતેથી શુભારંભ કરાવશે. જે અંતર્ગત વલસાડ જિલ્લાકક્ષાનો કાર્યક્રમ તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે વલસાડની સિવિલ હોસ્પિટલના સાતમા માળે આવેલા ઓડીટોરીયમ ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી કિશોરભાઈ કાનાણીના અધ્યક્ષસ્થાને યોજાશે. આ અવસરે મુખ્ય મહેમાન તરીકે સાંસદ ડો.કે.સી.પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ મણિલાલ પટેલ, ધારાસભ્યો સર્વે કનુભાઈ દેસાઈ, અરવિંદભાઈ પટેલ, ભરતભાઈ પટેલ અને જીતુભાઈ ચૌધરી હાજર રહેશે. આ કાર્યક્રમમાં સૌ કિસાનમિત્રોને ઉપસ્થિત રહેવા વલસાડ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

એસટી નિગમની હડતાળ સમેટાતા બસો રાબેતા મુજબ શરૂ

ગાંધીનગર

રાજ્યમાં ગત બુધવારની મધરાતેથી શરૂ થયેલી ચાલી રહેલી એસટી વિભાગની હડતાળ શુક્રવારની સાંજે સમેટાઇ ગઇ હતી. રાજય સરકાર અને સંકલન સમિતિ સાથે બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતાં. જે બાદ શનિવાર સવારથી એસટીની બસો રાબેતા પ્રમાણે શરૂ થઇ ગયેલ છે. જેના કારણે મુસાફરો હાશકારો અનુભવ્યો છે. હાલ અમદાવાદ, સુરત, રાજકોટ જેવા મોટા શહેરોમાં રાબેતા મુજબ બસ સેવા શરૂ થઇ ગઇ છે પરંતુ વડોદરામાં આશંકિ શરૂઆત થઇ છે.

તિલકવાડાના ગોલાતલાવડી ખાતે બાઈક સ્લીપ થઈ જતા એકનું મોત, બીજો ગંભીર

રાજપીપળા : તિલકવાડાના ગોલાતલાવડી ગામે એક પૂર ઝડપે જતી બાઈક સ્લીપ થઈ જતા બાઈક સવાર બંને યુવાનો ફંગોળાઈ ગયા જેમાં એકનું મોત નીપજ્યું જ્યારે બીજાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર તિલકવાડાના રેંગણ ગામે રહેતા અંકિત અશોક તડવી પોતાની મોટર સાયકલ લઈને તિલકવાડા તરફ જતો હતો જેની સાથે રેંગણ ગામનો જ અવિનાશ દશરથ વસાવા પાછળ બેઠો હતો, પુરઝડપે બાઈક જવા દેતા ગોલાતલાવડી ગામ પાસે અચાનક સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવી દેતા બાઈક સ્લીપ ખાઈ ગઈ હતી. જેમાં બન્ને બાઈક સવારોને ગંભીર ઈજાઓ પહોચતા તિલકવાડા આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા જ્યા સારવાર દરમ્યાન અવિનાશ દશરથ વસાવાનું મોત થઈ હતું.જ્યારે બાઈક ચાલાક અંકિતને ગંભીર ઈજા થઈ હોય સારવાર હેઠળ છે, તિલકવાડા પોલીસે અંકિત વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સોમનાથમાં ૩ દિવસીય દ્વાદશ જ્યોતિર્લીંગ મહોત્સવનો પ્રારંભ

સરદાર પટેલને કાશ્મીર સોંપાયું હોત આજે કાશ્મીરનો પ્રશ્ન જ ન હોતઃ સીએમ રૂપાણી

વેરાવળ

સોમનાથ મહાદેવના સાનિધ્યમાં ત્રણ દિવસ સુધી ચાલનારા દ્વાદશ જ્યોતિર્લીંગ મહોત્સવનો શનિવારથી પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમના પ્રારંભ વિજય રૂપાણી દ્વારા કરવામાં આવ્યો હતો. આ આયોજનમાં તા.૨૩ના રોજ પરંપરાગત ધ્વજાપૂજાથી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મહામૃત્યુંજય યજ્ઞ, જ્યોતિર્લીંગ પૂજન, વેરાવળથી સોમનાથ સુધી આધ્યોત્મિક અને ઐતિહાસીક દ્વાદશ જ્યોતિર્લીંગ રથયાત્રા નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. રૂપાણીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, સરદાર પટેલે આખા દેશને એક કર્યો હતો. તેને કાશ્મીર સોંપાયું હોત તો આજે કાશ્મીરનો પ્રશ્ન જ ન હોત અને પુલવામામાં હુમલો જ ન થાત.

વિજય રૂપાણીએ વધુમાં કહ્યું હતું કે, સોમનાથ મંદિરનું ભવ્ય નિર્માણ સરદાર પટેલને આભારી છે. સરદારે જે રીતે સોમનાથ મંદિરનો પુનરોદ્ધાર કરીને દેશની એકતા-અખંડિતતા અને સંસ્કૃતિની રક્ષાનો જે સંદેશ આપ્યો છે એમ સરદારને જો કાશ્મિર સોંપાયું હોત તો આજે પરિસ્થિતિ જુદી હોત. જ્યાં સુધી સોમનાથ દાદાના આશીર્વાદ છે ત્યાં સુધી રાજય અને દેશમાં કોઈ તકલીફ નહીં થાય. સોમનાથ દાદા સૌને આશીર્વાદ આપે. ભારત કદી તૂટે નહીં, આતંકવાદ સામેની લડાઈમાં આપણી જીત થાય. આવનારા દિવસોમાં ભારત એક રહે મોદીની સાથે આખો દેશ એક બની રહે તેવી પ્રાર્થના કરી છે.

મહોત્સવ દરમિયાન દરરોજ સાંસ્કૃતિક કાર્યક્રમો, ઐતિહાસીક સોમનાથ ફોટો પ્રદર્શન, સંસ્કૃત માટે વિશેષ સેવા આપનાર વિદ્વાનોને સોમનાથ સુવર્ણ ચંદ્રક અર્પણ, સંસ્કૃત પાઠશાળાના છાત્રોને છાત્રવૃત્તી અર્પણ, દ્વિતિય દ્વાદશ જ્યોતિર્લિંગ સમારોહ અંગેનું સ્પેશીયલ સોંગ(ગીત)નું લોંચીંગ કરવામાં આવ્યું હતું. તેમજ સોમનાથ ડાક ફર્સ્ટ ડે કવરનું વિમોચન કરવામાં આવ્યું હતું.

તા.૨૫મીએ સુજલામ સુફલામ જળસંચય અભિયાન અંતર્ગત

મરોલી ખાતે તળાવ ઊંડા કરવાની કામગીરીનું ખાતમુહૂર્ત કરાશે

વલસાડ

વલસાડ જિલ્લામાં સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત તળાવ ઊંડા કરવાની કામગીરીનું ખાતમહર્ત તા. ૨૫/૨/૧૯ના રોજ બપોરે ૩-૦૦ કલાકે ઉમરગામ તાલુકાના મરોલી-કોળીવાડ ખાતે વન અને આદિજાતિ રાજયમંત્રી રમણલાલ પાટકરના હસ્તે કરવામાં આવશે. આ અવસરે મુખ્ય મહેમાન તરીકે સાંસદ ડો.કે.સી.પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ મણિલાલ પટેલ, ધારાસભ્યો સર્વે કનુભાઈ દેસાઈ, અરવિંદભાઈ પટેલ, ભરતભાઈ પટેલ અને જીતુભાઈ ચૌધરી હાજર રહેશે. આ કાર્યક્રમમાં સૌને ઉપસ્થિત રહેવા વલસાડ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.









